કઈ રીતે કરશો સંજોગ ન્યુઝની એપ્લેકેશન ડાઉનલોડ ?
સૌ પ્રથમ GET IT ON Google Play માં જઈને
SANJOG NEWS સર્ચ કરવુ
ત્યારબાદ INSTALL નું બટન દબાવવું
અથવા www.sanjognews.net સર્ચ કરો
ગણતરીની સેકન્ડોમાં સંજોગ ન્યુઝની એપ્લીકેશન તમારા મોબાઈલમાં ડાઉનલોડ થઈ જશે

# સંજોગ ન્યૂઝ


SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023
Year - 5 | Issue- 236 | AD-2022, Jeth Sud-1, Tuesday, Dt. 31-05-2022 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### હાયર એજ્યુકેશન, પ્રોફેશનલ કોર્સ માટે પણ પીએમ કેર્સમાંથી મદદ કરાશે

# કોરોનામાં અનાથ થયેલા બાળકોને દર મહિને ૪ હજારનું વળતર : મોદી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન યોજના હેઠળ બાળકો માટે લાભ જાહેર કર્યા. આ દરમિયાન તેમણે કહ્યું કે આજે હું પ્રધાનમંત્રી તરીકે નહીં પરંતુ તમારા પરિવારના એક સભ્ય તરીકે તમારી સાથે વાત કરી રહ્યો છું. આજે બાળકોની વચ્ચે આવીને મને ખુબ શાંતિ મળી છે. પીએમ મોદીએ કહ્યું કે હું જાણું છું કે કોરોનાના કારણે જેમણે પોતાના લોકોને ગુમાવ્યા છે તેમના જીવનમાં આવેલો આ ફેરફાર કેટલો કપરો છે. જીવન આપણને અનેકવાર અણધાર્યા વળાંક પર લાવીને ઊભા કરી દે છે. ક્યારેય કલ્પના પણ ન કરી હોય તેવી પરિસ્થિતિઓનો સામનો કરાવે છે, હસતાં હસતાં અચાનક અંધારું છવાઈ જાય છે. કોરોનાએ અનેક લોકોના જીવનમાં, અનેક પરિવારની સાથે કંઈક આવું જ કર્યું છે. તેમણે કહ્યું કે જે જતા રહે છે તેમની આપણી પાસે બસ ગણતરીની યાદો રહી જાય છે પરંતુ જે રહી જાય છે તેમની સામે પડકારોનો ખડકલો થઈ જાય છે. આવા પડકારોમાં પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન તમારા જેવા કોરોના પ્રભાવિત બાળકોની મુશ્કેલીઓ ઓછી કરવાનો એક નાનકડો પ્રયત્ન છે. પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન એ વાતનું પણ પ્રતિબિંબ છે કે દરેક દેશવાસી પૂરી સંવેદનશીલતાથી તમારી સાથે છે. મને સંતોષ છે કે બાળકોના સારા અભ્યાસ માટે તેમના ઘરની પાસે જ સરકારી કે પ્રાઈવેટ શાળાઓમાં તેમનો પ્રવેશ થઈ ચૂક્યો છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે જે કોઈને પ્રોફેશનલ કોર્સ માટે, હાયર એજ્યુકેશન માટે લોન જોઈએ તો તેમને પણ પીએમ કેર્સ




તેમાં મદદરૂપ થશે. રોજબરોજની બીજી જરૂરિયાતો માટે અન્ય યોજનાઓના માધ્યમથી તેમના માટે મહિને ૪૦૦૦ રૂપિયાની વ્યવસ્થા કરાઈ છે. આવા બાળકો જ્યારે શાળાનો અભ્યાસ પૂરો કરશે તો તેમના આગળના ભવિષ્યના સપના માટે પણ પૈસાની જરૂર પડશે. આ માટે ૧૮-૨૩ વર્ષના યુવાઓને દર મહિને સ્ટાઈપેન્ડ મળશે. જ્યારે તેઓ ૨૩ વર્ષના થશે ત્યારે ૧૦ લાખ રૂપિયા એક સાથે મળશે. પીએમ મોદીએ કહ્યું કે એક વધુ મોટી ચિંતા સ્વાસ્થ્ય સંલગ્ન પણ રહેતી હોય છે. ક્યારેક કોઈ બીમારી આવી ગઈ તો સારવાર માટે પૈસા પણ જોઈએ. પરંતુ કોઈ પણ બાળકે હવે તે માટે પરેશાન થવાની જરૂર નથી. પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રનના માધ્યમથી બાળકોને આયુષ્યમાન હેલ્થ કાર્ડ પણ અપાઈ રહ્યા છે. તેનાથી ૫ લાખ રૂપિયા સુધીની સારવાર પણ વિનામૂલ્યે બાળકોને મળશે. પીએમએ કહ્યું કે કોરોના મહામારીની આંચ સમગ્ર માનવતાએ સહન કરી છે. દુનિયાનો ભાગ્યે જ કોઈ એવો ખૂણો હશે જ્યાં સદીની સૌથી મોટી ત્રાસદીએ ક્યારેય ન ભૂલી શકાય તેવો ઘાવ ન આપ્યો હોય. તમે જે સાહસ અને જુસ્સાથી આ સંકટનો સામનો કર્યો છે તે બદલ હું તમને બધાને નમન કરું છું. તેમણે કહ્યું કે પીએમ કેર્સ દ્વારા દેશ પોતાની આ જવાબદારીને નિભાવવાની કોશિશ કરી રહ્યો છે. આ પ્રયત્ન કોઈ એક વ્યક્તિ, સંસ્થા કે સરકાર માત્રનો પ્રયત્ન નથી. પીએમ કેર્સમાં આપણા કરોડો દેશવાસીઓએ પોતાની મહેનત અને પરસેવાની કમાણીને જોડી છે. હું જાણું છું કે કોઈ પણ પ્રયત્ન અને સહયોગ તમારા માતા પિતાના સ્નેહની ભરપાઈ કરી શકશે નહીં. પરંતુ માતા પિતા ન હોવાની આ સંકટની ઘડીમાં માતા ભારતી તમારી સાથે છે. દેશની સંવેદનાઓ તમારી સાથે છે અને આ સાથે જ તમારા સપનાઓને પૂરા કરવા માટે સમગ્ર દેશ તમારી સાથે છે.







## કેરળમાં ચોમાસાની દસ્તક ત્રણ દિવસ વહેલું પહોંચ્યું

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩૦

હવામાન વિભાગે ચોમાસાને લઈને સારા સમાચાર આપ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, કેરળમાં ચોમાસાનું આગમન થઈ ગયું છે. સામાન્ય રીતે કેરળમાં ૧લી જૂન સુધીમાં ચોમાસું દસ્તક આપે છે, પરંતુ આ વર્ષે અહીં ચોમાસું ૨૯મી મેના રોજ ૩ દિવસ વહેલું જ પહોંચી ગયું છે. આ સાથે જ ઘણાં રાજ્યો માટે એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૨૪ કલાક દરમિયાન પૂર્વોત્તર ભારત-તામિલનાડુ, કેરળ, લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર ટાપુના દક્ષિણ અને કર્ણાટકના દરિયા કાંઠાના ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.



હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બિહાર, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ, ઉત્તરપ્રદેશ, પૂર્વ મધ્યપ્રદેશ, તેલંગાણા અને આંધ્રપ્રદેશના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની શક્યતા છે, જ્યારે, પૂર્વ રાજસ્થાન, દિલ્હી અને હરિયાણાના કેટલાક ભાગોમાં ધૂળની ડમરીઓ અને ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે. બિહારમાં પણ હવામાન વિભાગે આગાહી કરી છે કે ચોમાસું સમય કરતાં વહેલું આવી જશે. ગયા વર્ષે પણ ચોમાસું સંભવિત તારીખથી એક દિવસ વહેલાં આવ્યું હતું.





















### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ વીડિયોના માધ્યમથી સંદેશ પાઠવ્યો

# અમરેલીમાં વિશાળ સ્તરે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર

અમરેલી, તા. ૩૦

અમરેલી ખાતે રાજ્યમાં પ્રથમ વખત વિશાળ સ્તરે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરાયું હતું. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ વિદ્યાર્થીઓને વીડિયો મારફત સંદેશ પાઠવ્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ધો. ૧૦-૧૨ જીવનનો મહત્વનો પડાવ છે. ધો. ૧૦-૧૨ પછી આગળ શું કરવું તેના માટે ઘણા વિદ્યાર્થીઓ મુંઝવણ અનુભવતા હોય છે ત્યારે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા પ્રથમ વખત વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે માર્ગદર્શન મળી રહે તેવા પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે.



આ તકે ગાંધીનગરથી તજજ્ઞ વક્તાઓ દ્વારા વર્ચ્યુઅલી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સેમિનારના અધ્યક્ષ તરીકે જિલ્લા પંચાયત પ્રમુખ રેખાબેન મોવલીયા, અતિથિ વિશેષ તરીકે પાલિકા પ્રમુખ મનીષાબેન રામાણી, જલ્પેશભાઈ મોવલીયા સહિતના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ધો. ૧૦-૧૨ના વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં સેમિનારમાં ભાગ લઈ માર્ગદર્શન મેળવ્યું હતું.

# ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીની સહકારી ક્ષેત્રની ભૂમિકાને બિરદાવતા અમિત શાહ

અમરેલી, તા. ૩૦

ગોધરા ખાતે યોજાયેલ સહકાર સંમેલનમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ઈફકોના ચેરમેન અને સહકારી આગેવાન દિલીપભાઈ સંઘાણીની સહકારી ક્ષેત્રની ભૂમિકાને બિરદાવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા સહિતના



દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. અમિત શાહે જણાવ્યું હતું કે, દિલીપ સંઘાણી ઈફકો સહિતની અનેક સંસ્થામાં ગુજરાતના સહકારી મૂલ્યોનું સંવર્ધન કરી રહ્યા છે.

# ધારી ખાતે યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવમાં ડો. સ્વામીજીની ધર્મસભા

ધારી, તા. ૩૦

ધારી ખાતે યોગીઘાટના પટાંગણમાં યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવના ત્રીજા દિવસે પૂ. કોઠારી સ્વામીજી ધારી બીએપીએસ દ્વારા ધર્મ આધ્યાત્મિક સભામાં ડો. સ્વામીજીની ધર્મસભાનું સુંદર



તસ્વીર : સંજય વાળા

આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે ધારાસભ્ય જે.વી. કાકડીયા, જીતુભાઈ જોશી, અશ્વિનભાઈ કુંજડીયા, ભૂપતભાઈ વાળા, નલીનભાઈ કોટડીયા, પરેશભાઈ પટણી, રમેશભાઈ મકવાણા, મુકેશભાઈ રૂપારેલીયા, રાજેશભાઈ વાઘેલા, ચિંતનભાઈ રંગપરીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઓનલાઈન રજિસ્ટ્રેશન કર્યા બાદ ચણા વેચવામાં બાકી રહેલા ખેડૂતોના ચણા ખરીદવા બાવકુ ઉંધાડની માંગ

વડીયા, તા. ૩૦

પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંધાડ દ્વારા મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે કે, ગુજરાત સરકાર દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશનથી ચણાની ખરીદી કરવાની સિસ્ટમ અમલી હતી ત્યારે ખરીદ સેન્ટર



તરફથી ખેડૂતોને રજિસ્ટ્રેશન મુજબ મોકલવામાં આવેલ મેસેજ ટેકનિકલ કારણોસર મોડા મળ્યા હતા. જેના કારણે ખેડૂતો જે-તે સમયે સમયસર ચણા વેચવા માટે પહોંચી શક્યા નહોતા. આવા ખેડૂતો ટેકાના ભાવે ચણાની ખરીદીના લાભથી વંચિત રહી ગયા છે. જેથી સ્પેશિયલ કેસમાં આવા ખેડૂતોના ચણા ફરી ખરીદ કરવામાં આવે તેવી બાવકુભાઈ ઉંધાડે માંગ કરી છે. વધુમાં બાવકુભાઈ ઉંધાડે રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવથી ખેતપેદાશોની ખરીદી કરવામાં આવતી હોય, જે કામગીરીને બિરદાવી હતી.

# ઉમદા કામગીરી બદલ ફાચરીયા પ્રાથમિક શાળાના આચાર્યનું શિક્ષણમંત્રી સન્માન કરશે

ધારી, તા. ૩૦

ધારી તાલુકાની ફાચરીયા પ્રાથમિક શાળાના આચાર્ય જીજ્ઞેશપુરી ગોસ્વામી દ્વારા કરવામાં આવતી ઉમદા કામગીરી અને બાળકો માટે નિઃસ્વાર્થ કામગીરીને બિરદાવવા આગામી તા. ૦૬-જૂનના રોજ અમદાવાદ ખાતે યોજાનાર કાર્યક્રમમાં તેમનું શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે સન્માન કરવામાં આવનાર



છે. જીજ્ઞેશપુરી ગોસ્વામીને રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પારિતોષિકથી સન્માનિત કરાશે. આ સિદ્ધિ બદલ તેમને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# ઉજ્જવલા-ર યોજના અંતર્ગત ચિત્રાસર ગામે ૧૩૧ ગેસ સિલિન્ડરનું વિતરણ

જાફરાબાદ, તા. ૩૦

ઉજ્જવલા-ર યોજના અંતર્ગત ધર્મ એચ.પી. ગેસ એજન્સી-સનખડા દ્વારા જાફરાબાદના ચિત્રાસર ગામે ૧૩૧ બહેનોને વિનામૂલ્યે ગેસ સિલિન્ડરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે સરપંચ પ્રતિનિધિ જાદવભાઈ રાઠોડ, ઉપસરપંચ છગનભાઈ



સહિતનાઓ હાજર રહ્યા હતા. ગેસ એજન્સીના માલિક ભાવેશભાઈ કેશુર દ્વારા બહેનોને ગેસ સિલિન્ડરનો ઉપયોગ કેવી રીતે કરવો? શું સાવચેતી રાખવી? વગેરે અંગે ડેમો બતાવી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા જીતુભાઈ બાંભણીયા, રમેશભાઈ મકવાણા સહિત એજન્સી સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ગોપાલગ્રામમાં હાઈસ્કૂલ ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

અમરેલી, તા. ૩૦

ધારીના ગોપાલગ્રામ ખાતે શ્રી ઓ.પી. ઝાટકીયા હાઈસ્કૂલમાં આગામી તા. ૫-જૂનના રોજ સવારે ૯:૩૦થી ૧૨:૩૦ દરમિયાન સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું છે. જેમાં શિશુરોગ, સ્ત્રીરોગ તથા દંતરોગનું નિદાન-સારવાર કરવામાં આવશે. જેમાં વિવિધ રોગના નિષ્ણાત ડોક્ટરો સેવા આપશે. શ્રી ગ્રામ વિકાસ મંડળ ટ્રસ્ટ-ગોપાલગ્રામ દ્વારા ગોપાલગ્રામ તથા આસપાસના ગ્રામજનોની આરોગ્ય સેવામાં વધારો થાય તેવા હેતુથી આ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જે બદલ હરેશભાઈ વાળા, મેરામભાઈ વાળા, શંભુભાઈ વાડદોરીયા, ગૌતમભાઈ વાળા તથા પ્રતાપભાઈ વાળા દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ કેમ્પનો લાભ લેવા ટ્રસ્ટ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# બગસરાના સમઢીયાળામાં બહેનો માટે અથાણા-પાપડ મેકિંગ તાલીમ

બગસરા, તા. ૩૦

એસબીઆઈ ગ્રામ સ્વરોજગાર તાલીમ સંસ્થા, મિશન મંગલમ્ તથા વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા બગસરાના સમઢીયાળા ગામે બહેનો માટે દસ દિવસીય અથાણા, પાપડ મેકિંગ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૧ બહેનોએ ભાગ લઈ અથાણા, પાપડ બનાવવાની



તસ્વીર : વી.કે. સાંગાણી

તાલીમ લીધી હતી. ટ્રેનર પ્રફુલભાઈ વ્યાસ દ્વારા બહેનોને પ્રેક્ટિકલ અને થિયરી સાથે તાલીમ આપવામાં આવી હતી.

# સાવરકુંડલામાં નિર્માણ પામેલ ગિરધર ઘર વૃદ્ધાશ્રમનું મોરારીબાપુના હસ્તે લોકાર્પણ

અમરેલી, તા. ૩૦

સાવરકુંડલામાં મહુવા રોડ પર આવેલ ગિરધરવાવના પરિસરમાં શ્રી રામ વાત્સલ્ય ટ્રસ્ટ દ્વારા ગિરધર ઘર વડીલોના વાત્સલ્યધામ વૃદ્ધાશ્રમનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ વૃદ્ધાશ્રમનું આગામી તા. ૩-જૂન ને શુક્રવારના રોજ સવારે ૯:૪૫ કલાકે કથાકાર મોરારીબાપુના હસ્તે લોકાર્પણ કરવામાં આવનાર છે. જ્યારે સાંજે ૮:૩૦ કલાકે સ્વર સંધ્યાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગિરધર ઘરના નિર્માણ માટે જમીન અને બાંધકામના દાતા ગિરધરબાપા, સ્વ. બાલકૃષ્ણભાઈ ગાંધી તથા સ્વ. ઈન્દુબેન ગાંધી હસ્તે પ્રકાશભાઈ ગાંધી, મુકેશભાઈ પારેખ અને મધુસુદન પારેખ છે. વડીલોના વાત્સલ્યધામના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવાયું છે.

# ઉચૈયા તથા ભચાદરના વિવિધ પ્રશ્નોને લઈ આગેવાનોની માર્ગ-મકાન મંત્રી સાથે મુલાકાત

રાજુલા, તા. ૩૦

રાજુલાના ઉચૈયા તથા ભચાદરના આગેવાનોએ રોડ-રસ્તાના પ્રશ્ને ગાંધીનગર ખાતે મંત્રી વિનોદભાઈ મોરડીયા તથા માર્ગ-મકાન મંત્રી પૂર્ણેશભાઈ મોદીની મુલાકાત લઈ રજૂઆત કરી હતી. ભચાદરથી કડીયાળી નોનપ્લાન રસ્તાને મંજૂરી તથા જોબનંબર ફાળવવા, ઉચૈયા-લોઠપુર રોડ પર ધાતરવડી



તસ્વીર : અમરૂભાઇ બારોટ

નદીમાં મેજર બ્રિજ મંજૂર કરવા સહિતની રજૂઆત કરવામાં આવી હતી. આ તકે મંગળુભાઈ વસરા, પ્રતાપભાઈ બેપારીયા, તખુભાઈ ધાખડા સહિતના આગેવાનો જોડાયા હતા.










### તાજેતરમાં શેખપીપરીયામાં બનેલી આગની ઘટનામાં ફાયર બ્રિગેડ સમયસર પહોંચવામાં નિષ્ફળ નિવડી

# અમરેલી જિલ્લામાં અગ્નિશામક સાધનો શોભાના ગાંઠીયા સમાન!

**આગના બનાવમાં ફાયર બ્રિગેડની આશાએ રહેવું લોકો માટે નુકસાનકારક સાબિત થાય છે**

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લામાં ઉનાળાની શરૂઆતથી જ અવાર નવાર આગ અકસ્માતની ઘટનાઓ બનતી આવી છે, આવા સમયે ફાયર બ્રિગેડની કામગીરી ખૂબ જ મહત્વની હોય છે. અમરેલીની ફાયર ટીમ જિલ્લામાં જ્યાં પણ આગની હોનારત બને ત્યાં દોડી જાય છે. પરંતુ ઘણી વખત સાધનો હોવા છતાં કામમાં આવતાં નથી. જિલ્લામાં જાહેર સ્થળોએ દીવાલમાં લટકાવેલા લાલ રંગના બાટલા જોવા મળે છે. આ બાટલા આગ બુઝાવવામાં ઉપયોગી થાય છે. મોટા સંકૂલોમાં ઓચિંતી આગ લાગે ત્યારે તે તાત્કાલિક ઉપયોગમાં લઈ શકાય છે. આ સાધનને ફાયર એકસ્ટીડવીશર કે અગ્નિશામક યંત્ર કહે છે. દીવાલ પર તેનો ઉપયોગ કઈ રીતે કરવો તેની નોંધ પણ હોય છે. આ બાટલાનો કોઈપણ વ્યકિત સરળતાથી ઉપયોગ કરી શકે છે.

તાજેતરમાં શેખપીપરીયામાં અશોકભાઈ ભાદાણીના શો રૂમમાં આગ લાગી હતી. આ અંગે તેમણે તંત્રને જાણ કરતાં ફાયર બ્રિગેડ આવી ત્યાં સુધીમાં બધું આગમાં સ્વાહા થઈ ગયું હતું. તેમણે સંજોગ ન્યૂઝને જણાવ્યું, 'આગ લાગતા ૧૦૦ને ફોન કર્યો. જે બાદ બાબરા-લાઠી તંત્રનો સંપર્ક કરવામાં આવતાં કહ્યું અમારી પાસે કંઈ નથી. નગરપાલિકાએ કયા ડિપાર્ટમેન્ટને સોંપ્યું હોય તે ખબર નથી. પછી ૧૦૧માં અમરેલી ફોન કર્યો. અમરેલીથી ફાયર બ્રિગેડ ૪૦ મિનિટમાં પહોંચી પણ ત્યાં સુધીમાં બધું પૂરું થઈ ગયું હતું. લાઠી-બાબરામાં અગ્નિશામક સાધનો છે પણ કોઈને કામ લાગે તેમ નથી. તેમને તંત્રને ફોન કર્યો પણ કોઈ પરિણામ આવ્યું નહોતું. આ એક પણ સાધન હાલ કામ કરતું નથી.'

**અગ્નિશામક યંત્ર કેવી રીતે કામ કરે છે**

અગ્નિશામકના નળાકારમાં સોડિયમ બાયકાર્બોનેટનું દ્રાવણ ભરેલું હોય છે. તેની ટોચે નાની કાચની શીશીમાં સલ્ફ્યુરિક એસિડ હોય છે. ઉપયોગ કરવો હોય ત્યારે આ બાટલાને ઊંધો કરી તેની ટોચનો વાલ્વ જમીન ઉપર પછાડવાથી કાચની શીશી તૂટી જઈ સલ્ફ્યુરિક એસિડ સોડાના દ્રાવણમાં ભળે છે અને અચાનક જ કાર્બન ડાયોક્સાઈડ વાયુ બહાર ધસી આવે છે. કાર્બન ડાયોક્સાઈડ તીવ્ર ગતિથી ફુવારા સ્વરૂપે નીકળે છે અને આગને બુઝાવી દે છે.

# કાર્યાલયે લોકદરબાર યોજી લોકોના વીજ પ્રશ્નો હલ કરાવતાં પ્રતાપ દુધાત

અમરેલી, તા. ૩૦

સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત દ્વારા પીજીવીસીએલ અધિકારીઓ સાથે સંકલન કરી સાવરકુંડલામાં ધારાસભ્ય કાર્યાલય ખાતે લોકદરબાર યોજ્યો હતો. જેમાં તાલુકાના લોકોના વીજ પ્રશ્નો સાંભળવામાં આવ્યા હતા. લોકદરબારમાં તાલુકાના ગામોમાંથી આગેવાનો, હોદ્દેદારો તથા લોકો ઉપસ્થિત રહ્યા હતા. લોકોએ લો વોલ્ટેજ, વીજ મીટર ન મળ્યા હોવા અંગે પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા. જે પ્રશ્નો સાંભળી પીજીવીસીએલ અધિકારીઓ દ્વારા વહેલી તકે તેનો હલ કરવાની ખાતરી આપવામાં આવતા લોકોએ રાહત અનુભવી હતી.



# કોઠા પીપરીયા ગામે ચોરી કરનારો ગુનેગાર મુદ્દામાલ સાથે ગણતરીના કલાકમાં ઝડપાયો

**યુપીના પૂજારીએ ૫.૫૭ લાખના ઘરેણાની ચોરી કરી હતી**

ધારી, તા.૩૦



ધારીના કોઠા પીપરીયા ગામે એક વ્યક્તિના રહેણાંક મકાનનું તાળું તોડી અજાણ્યો ઈસમ અંદર પ્રવેશ્યો હતો. તેણે રસોડામાં રહેલી પતરાની પેટીનું તાળું તોડી સોના-ચાંદીના રૂ.૫,૫૭,૦૦૦ના દાગીનાની ચોરી કરી હતી. આ અંગે હાલ સુરતમાં રહેતા મૂળ કોઠા પીપરીયા ગામના મુક્તાબેન ગોરધનભાઈ પટોળીયાએ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે બાદ ધારી પોલીસે ગુનો દાખલ થયાના ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી લીધો હતો. આરોપી દિપકકુમાર વ્યાસ (ઉ.વ.૨૪) ઉત્તરપ્રદેશના હરદોય જિલ્લાનો રહેવાસી છે. તેની પાસેથી સોનાના ડબલ પટ્ટાનો હાર, સોનાની કંઠી, સોનાનો પટ્ટા આકારનો ચેન, સોનાની ૮ વીંટી, સોનાની બે નંગ બુટ્ટી, ચાંદીની બે નંગ બંગડી મળી કુલ રૂ.૫,૫૭,૦૦૦નો મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો હતો.

# ચોરીના ગુનાના લીસ્ટેડ આરોપીને અમરેલી પેરોલ ફર્લો સ્કવોર્ડે ઝડપ્યો

અમરેલી, તા.૩૦

પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલીના સબ ઈન્સ્પેકટર પી.બી.લક્કડની ટીમ દ્વારા એક વર્ષથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપી વિઠ્ઠલભાઈ પુનાભાઈ વાઘેલા (રહે.અમરેલી) ને ચોક્કસ બાતમીના આધારે અમરેલી-સાવરકુંડલા રોડ બાયપાસ પાસેથી ઝડપી લીધો હતો. આરોપીએ એક વર્ષ પહેલા પાટીદાર ટોબેકો ટ્રેડર્સમાં સાથીઓ સાથે મળીને ચોરી કરી હતી.




**CHANGE OF NAME**

I THE UNDER SIGNED
SAVALIYA GAUTAMKUMAR LAXMANBHAI
HERE BY DECLARE THAT I HAVE
CHANGED MY NAME FROM SAVALIA
GAUTTAMKUMAR LAXMANBHAI
AND NOW ON WARDS I WOULD BE
CALLED AND KNOW AS SAVALIYA
GAUTAMKUMAR LAXMANBHAI
CONCERNED MAY BE NOTED ALL
SD- SAVALIYA GAUTAMKUMAR LAXMANBHAI

**CHANGE OF NAME**

I THE UNDER SIGNED
SAVALIYA NAYANABEN GAUTAMKUMAR
HERE BY DECLARE THAT I HAVE
CHANGED MY NAME FROM SAVALIA
NAYANABEN GAUTTAMBHAI AND NOW
ON WARDS I WOULD BE CALLED AND
KNOW AS SAVALIYA NAYANABEN
GAUTAMKUMAR CONCERNED MAY BE
NOTED ALL
SD- SAVALIYA NAYANABEN GAUTAMKUMAR

**સંકુલ ધો.-૧૦ ગુજરાતી મિડીયમ સ્ટુડન્ટ્સ ને ધો.-૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ સીધો પ્રવેશ**

★ ગુજરાતી મીડીયમ સ્ટુડન્ટ્સને ઈંગ્લીશ મીડીયમ લેવલે પહોંચાડવા ખાસ ટીચીંગ લર્નિંગ વ્યવસ્થા

★ એડવાન્સ નવા પ્રવેશ ચાલુ – સત્રની સ્કૂલ & હોસ્ટેલ ફી ભરવી ચાર વર્ષ થી ફી વધારેલ નથી – પાંચ માં વર્ષે ૧૦% ફી વધારેલ છે.

★ શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત-સંચાલિત ★
★ શ્રીમતી એસ.એમ.વઘાસીયા ઈંગ્લીશ મિડીયમ હા.સે. સ્કૂલ ★ સ્થળ:- શ્રીમતિ એસ. એચ. ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ★ ફોન.:૦૨૭૯૨-૨૩૨૩૨૧ થી ૨૬ - Ad 039



**ડૉ. ગુંજન મોવલીયા**
M.B.D.C.H. (Mumbai)
FPCC (KDAH Mumbai)
Pediatric Intensivist
PICU Fellow
કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ, મુંબઈ

**હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ**
જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોના રોગોનું નિદાન તથા સારવાર ::
Level iii NICU - નવજાત શિશુનુ સઘન સારવાર કેન્દ્ર ::
Level iii PICU - બાળકો માટેનું સઘન સારવાર કેન્દ્ર ::
રસીકરણ કેન્દ્ર (Vaccination Centre) ::
૨૪ કલાક ઈમરજન્સી સારવાર ::
સેંન્ટ્રલ ઓકસીજન સિસ્ટમ ::
દાખલ બાળકો માટે સ્પેશિયલ તથા જનરલ રૂમની સુવિધા ::
પોર્ટેબલ X ray તથા સોનોગ્રાફીની સુવિધા ::
Hamilton Ventilator (Made in Switzerland) ::
(કૃત્રિમ સ્વાસ આપવા માટેનું અતિ આધુનિક સાધન)
CPAP/HFNC ::

નવજાત શીશુ તથા સઘન બાળરોગ નિષ્ણાંત

**કિલ્લોલ ચિલ્ડ્રન હોસ્પિટલ**

પહેલો માળ, સેવા ભારતી હોસ્પિટલ, કેરીયા રોડ, અમરેલી. મો. ૯૦૨૩૯ ૫૧૪૦૧

**નામ બદલ્યું છે**

અહીં સહી કરનાર હું સાવલીયા ગૌતમકુમાર લક્ષ્મણભાઇ જાહેર કરૂ છું કે, મારુ જૂનું નામ સાવલીયા ગૌત્તમકુમાર લક્ષ્મણભાઇ હતું જે બદલીને નવું નામ સાવલીયા ગૌતમકુમાર લક્ષ્મણભાઇ કરેલ છે. હવેથી હું સાવલીયા ગૌતમકુમાર લક્ષ્મણભાઇ તરીકે ઓળખાઈશ.
સહી : સાવલીયા ગૌતમકુમાર લક્ષ્મણભાઈ

**નામ બદલ્યું છે**

અહીં સહી કરનાર હું સાવલીયા નયનાબેન ગૌતમકુમાર જાહેર કરૂ છું કે, મારુ જૂનું નામ સાવલીયા નયનાબેન ગૌત્તમભાઇ હતું જે બદલીને નવું નામ સાવલીયા નયનાબેન ગૌતમકુમાર કરેલ છે. હવેથી હું સાવલીયા નયનાબેન ગૌતમકુમાર તરીકે ઓળખાઈશ.
સહી : સાવલીયા નયનાબેન ગૌતમકુમાર

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

**કારકેર સેન્ટર**
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

KAKA® PVC PROFILE

શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨


**શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ**

કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા

ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ

ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું

૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી





**માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ**
કૈલાશ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ

**પ્રતીક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ**
મહિલા નિવાસી સંકુલ
સંચાલિત

**પ્રોવિઝનલ પ્રવેશ ચાલુ છે.**

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક કન્યા શાળા - આટકોટ
ધોરણ - ૪ થી ૮
માતુશ્રી સંતોકબા ધોળકિયા માધ્યમિક કન્યા શાળા-આટકોટ
ધોરણ - ૯ થી ૧૦
માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય-આટકોટ
ધો.૧૧ થી ૧૨ સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ
સ્કૂલ અને હોસ્ટેલમાં પ્રવેશ વર્ષ : ૨૦૨૨-૨૩માં પ્રવેશ ચાલુ છે.

Mo. +91 96872 03855 Mo. +91 94272 31583
Mo. +91 98258 27280 Mo. +91 75674 57533

તા.ક. : જસદણ તાલુકા લેઉવા પટેલ કર્મચારી મંડળ દ્વારા સંસ્થામાં અભ્યાસ કરતી સમાજની દિકરીઓ માટે ખાસ સ્કોલર શીપ

**શું આપ આપની દિકરીને ગુણવત્તા યુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?**

- આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
- આપની દિકરી શહેરમાં હોસ્ટેલ / રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
- આપની દિકરી દૂર કોલેજમાં કો- એજ્યુકેશન માં શિક્ષણ મેળવે છે ?
- સંપૂર્ણ મોબાઈલ ફોન પ્રતિબંધિત કેમ્પસ !
- ટી.વી. ચેનલો. સ્માર્ટ મોબાઈલ ફોન/નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે માનસીક પ્રદુષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઈચ્છો છો ?
- દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ?
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માર્કસ સાથે ગ્રેજ્યુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય/બેરોજગાર ન રહે.
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ગ્રેજ્યુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઈથી ઉત્તીર્ણ થઈ મોભાદાર સરકારી નોકરી કલાસ - ૧, કલાસ -૨ મેળવે તેવુ ઈચ્છો છો ?
- દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
- Quantity Education ના Quality Education બદલે આપવામાં આવતું હોય
- ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતું હોય

આનો જવાબ છે ગુજરાતનું "સમસ્ત પટેલ સમાજનું"
સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ "પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ" - આટકોટ

# જાફરાબાદના માછીમારોએ સ્વખર્ચે વસાવેલું સ્કાયલો મેસેન્જર બંધ કરી દેવાતા ભારે રોષ

જાફરાબાદ, તા.૩૦

જાફરાબાદમાં માછીમારોના સમુદ્રમાંથી ઈમરજન્સી સંપર્ક માટે ઉપયોગ થતું બીએસએનએલ કંપનીનું સ્કાયલો મેસેન્જર અચાનક જ બંધ કરી દેવાતા માછીમારોમાં ભારે રોષ ભભૂક્યો છે. મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા માછીમારોને તા.૧-૬-૨૨ થી તા.૩૧-૭-૨૨ સુધી દરિયામાં માછીમારી પર પ્રતિબંધ મૂકાયો છે. જેને લઈ બોટો દરિયામાંથી પરત આવવા લાગી છે અને ક્રેન દ્વારા ઉપર લેવામાં આવી


તસવીર : બાબુભાઈ વાઢેળ

રહી છે. પરંતુ ભારે પવનના કારણે વાયરલેસ દ્વારા સંપર્ક થતો ન હોય દરિયામાંથી બોટો પરત બોલાવવા માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્કાયલો મેસેન્જર જે બીએસએનએલના કનેક્શન સાથે માછીમારોએ સ્વખર્ચે વાસાવેલું છે. જે જ્યાં પણ બોટ હોય તેઓને ઈમરજન્સીમાં મેસેજ દ્વારા સંપર્ક કરી શકાતો હતો. પરંતુ સરકાર દ્વારા કોઈ કારણ જણાવ્યા વિના અચાનક જ છેલ્લા ત્રણ માસથી આ સેવા બંધ કરી દેવાઈ છે. જેથી માછીમારોને ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. જાફરાબાદ માછીમાર બોટ એસોસિએશનના પ્રમુખ કનૈયાલાલ સોલંકીએ જણાવ્યું કે, છેલ્લા ઘણા વર્ષોથી માછીમારોની માંગણી છે કે, માછીમારોને ૫૦ ટકા સબસિડીમાં સેટેલાઈટ ફોન આપવામાં આવે પરંતુ દર વર્ષે કરોડો રૂપિયા કમાવી આપનાર માછીમારોને આ અતિ આવશ્યક સુવિધા પુરી પાડવામાં સરકાર શા માટે ઓરમાયું વર્તન કરે છે તેવા સવાલો ઉઠી રહ્યા છે.

# ગાવડકા ગામે જમીનના ભાગ બાબતે મહિલા સાથે ઝઘડો કરી ગાળો આપી

## કુટુંબીજનોએ સામસામી પોલીસમાં ફરિયાદ નોંધાવી

અમરેલી, તા.૩૦

'જર, જમીન ને જોરુ ત્રણેય કજિયાના છોરું' કહેવતને સાર્થક કરતી ઘટના અમરેલીના ગાવડકા ગામે બની છે. જમીનના ભાગ પાડવા મુદ્દે મહિલા સાથે તેના જ કુટુંબીજનોએ ઝઘડો કરી લોખંડના પાઈપ તથા લાકડા વડે હુમલો કરીને ગંદી ગાળો બોલી હતી. ઉપરાંત જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગે જયાબેન ગોબરભાઈ હેલૈયા (ઉ.વ.૫૦)એ કરશનભાઈ વાલજીભાઈ હેલૈયા, મુકેશભાઈ કરશનભાઈ હેલૈયા તથા ભાવેશ કરશનભાઈ હેલૈયા સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની વિગત પ્રમાણે, મહિલા સાથે ત્રણેય આરોપીએ જમીનના ભાગ પાડવા મુદ્દે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો. ઉપરાંત લોખંડની પાઈપ તથા લાકડા વડે મુંઢ માર મારી બિભત્સ ગાળો બોલીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.એલ.બારૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

જે બાદ જયશ્રીબેન ભાવેશભાઈ હેલૈયા (ઉ.વ.૨૮) એ ગોબરભાઈ વાલજીભાઈ હેલૈયા, રાઘવભાઈ વાલજીભાઈ હેલૈયા તથા નિલેશ ગોબરભાઈ હેલૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ જયશ્રીબેનને કાકાજી સસરા ગોબરભાઈ તથા રાઘવભાઈ તથા ભત્રીજાએ ગંદી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગડદાપાટુનો માર મારી શરીરે ઈજા કરી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.કે.મોરવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં મિશન સુપોષિત શિશુ અંતર્ગત આરોગ્ય સ્ટાફને તાલીમ

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લામાં મિશન સુપોષિત શિશુ અંતર્ગત કુપોષિત બાળકોનો દર ઘટાડવા માટે કુપોષિત બાળકોને દત્તક લઈ સુપોષિત કરવા માટેના મિશનની શરૂઆત કરવામાં આવી છે. જેમાં સુપરવાઈઝરો દ્વારા દત્તક લીધેલા બાળકોની માતાને લેચીંગ અને ક્રોસ કેડલ ફિડિંગ પદ્ધતિ શીખવવામાં આવશે. જેના ભાગરૂપે અમરેલીમાં હેલ્થ કચેરી ખાતે આરોગ્ય સ્ટાફને તાલીમ આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ પદ્ધતિની સમજણ માતાને



બાળકના જન્મ પહેલા જ આપવામાં આવશે. જેથી બાળકના જન્મ થયે તેનું તુરંત અનુકરણ કરી શકાય તેમજ સમયાંતરે સુપરવાઈઝર દ્વારા વિઝીટ કરવામાં આવશે. મિશન સુપોષિત શિશુનું મોનિટરીંગ અને રિપોર્ટિંગ ડૉ. આર.કે.જાટ અને ડૉ. હેતલબેન કુબાવત દ્વારા કરી કામગીરીને સફળ બનાવવા માટેના પ્રયત્નો હાથ ધરવામા આવ્યા છે.

# અમરેલી જિલ્લામાં વધુ બે લોકોએ ઝેરી દવા પીધી

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લામાં વધુ બે લોકોએ ઝેરી દવા પીધાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી. સમઢીયાળા ગામે રહેતા બળવંતભાઈ છનાભાઈ ગુજરીયાએ જાહેર કર્યા મુજબ તેમના ભાઈએ વાડીએ અગમ્ય કારણોસર જંતુનાશક દવા પી લીધી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.એમ.ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે. જાફરાબાદના હેમાળ નેહડી વિસ્તારમાં રહેતા રેખાબેન અરજણભાઈ બાંભણીયા (ઉ.વ.૨૭)એ જાહેર કર્યા મુજબ, તેઓ તથા તેમના પતિ જમતા હતા ત્યારે તેના જેઠ ફળિયામાં બેઠા હતા. તે સમયે તેના માથા પરથી સાડી પડી જતાં પતિએ મારા ભાઈ બેઠા છે તેમ કહ્યું હતું. જેથી તેમણે તમને તમારા ભાઈની પડી છે તેવું કહેતા પતિ જમતા જમતા ઉભા થઈ ગયા હતા. જેને લઈ તેમને સારું ન લાગતાં ચણામાં નાંખવાના દવાના ટીકડા પી લીધા હતા. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.એલ.મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં બે સ્થળેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૫૫ બોટલ ઝડપી લેવાઈ

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લામાં પ્રોહિબીશનની પ્રવૃતિને નાથવા એસપી હિમકર સિંહે સૂચના અને માર્ગદર્શન આપ્યું છે. જે અનુસંધાને જિલ્લા પોલીસે બે સ્થળેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ ઝડપી હતી. લીલીયા મોટામાં નીલાગ્રા ચોકડી પાસેથી વિક્રમ શુક્લ (ઉ.વ.૨૪) તથા ચેતન દેવાણી (ઉ.વ.૩૮) સુઝુકી એક્સેસ લઈને પસાર થતા હતા ત્યારે અટકાવી તલાશી લેતાં તેમની પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૫૫ બોટલ મળી આવી હતી. પોલીસે મોટર સાયકલ, દારૂની બોટલ મળી ૪૬,૦૫૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ.પી.વેગડા વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલામાં મારૂતીનગરમાં મુસ્તુફા ઝાખરા (ઉ.વ.૨૪)ના રહેણાંક મકાનેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૬૦ બોટલો મળી હતી. પોલીસે ૧૮,૦૦૦ નો પ્રોહિબીશન મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ સહદેવસિંહ વધુ તપાસ કરી રહ્યા છે. જુના વાઘણીયા ગામેથી એક મહિલાના રહેણાંક મકાનેથી ૫ લિટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. સાવરકુંડલા અને લુણસાપુરમાંથી એક-એક મળી કુલ બે પીધેલા પકડાયા હતા.

# મોટા આગરીયા ગામેથી ચાર જુગારી ઝડપાયા

રાજુલા, તા.૩૦

અમરેલી જિલ્લામાં ભીમ અગિયારસ નજીક આવતી હોય જેને લઈ જૂગારીઓ સક્રિય બન્યા છે. રાજુલા તાલુકાના મોટા આગરીયા ગામેથી પોલીસે ચાર જુગારીને ૧૮૧૦ રોકડા સાથે ઝડપી પાડ્યા હતા. રમેશભાઈ કાવઠીયા, ભાવેશભાઈ કાવઠીયા, દેસુરભાઈ વાઘેલા તથા જેન્તીભાઈ કાવઠીયા મોટા આગરીયા ગામે અવેડાની બાજુમાં હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા ૧૮૧૦ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.વી.પંડ્યા વધુ તપાસ કરી રહ્યા છે.

# પાટી (માણસા) ગામે પતિએ પત્નીને પટ્ટાથી ફટકારી જાનથી મારી નાખવાની ધમકી આપી

જાફરાબાદ, તા.૩૦

અમરેલી જિલ્લામાં પરિણીતાઓ પર અત્યાચારની ઘટના સતત વધી રહી છે. જાફરાબાદના પાટી (માણસા) ગામે રહેતી એક પરિણીતાને તેનો પતિ મેણા ટોણા મારી પરેશાન કરતો હતો. હેવાનિયતની હદ વટાવતાં પતિએ પત્નીને તેના પિયર મુકી આવીને પટ્ટા વડે ફટકારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે પરિણીતા લીલીબેન જોગદીયા (ઉ.વ.૨૨) એ પતિ રાજુભાઈ નારણભાઈ જોગદીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત મુજબ પતિ પત્નીને અવાર નવાર મેણા ટોણા બોલી ખોટી રીતે હેરાન-પરેશાન કરી દુઃખ ત્રાસ આપતો હતો. ઉપરાંત થોડા દિવસ પહેલા પીયરે મુકી જઈ તેને પટ્ટા વડે તથા ઢીકાપાટુનો શરીરે મુંઢમાર મારી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

# કલેક્ટરના અધ્યક્ષસ્થાને આગામી ગુરૂવારે વાહકજન્ય રોગની સંકલન સમિતિની બેઠક

જાફરાબાદ, તા.૩૦

રાજ્ય સરકાર દ્વારા મેલેરિયા મુક્ત ગુજરાત, ડેન્ગ્યુ-ચિકનગુનિયાના નિયંત્રણ માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. રોગચાળાનો ફેલાવો અટકાવવા અને મચ્છરની ઉત્પતિ રોકવા સઘન પગલા લેવા જરૂરી છે. જેને લઈ અમરેલી જિલ્લા કલેક્ટર ગૌરાંગ મકવાણાના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આગામી તા.૨ જૂનને ગુરૂવારના રોજ સવારે ૧૧ કલાકે વાહકજન્ય રોગની સંકલન સમિતિની બેઠકનું આયોજન કરાયું છે. જૂન-૨૦૨૨ને મેલેરિયા વિરોધી માસ અને જુલાઈ-૨૦૨૨ને ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે જાહેર કરી વિવિધ જાગૃતિલક્ષી કામગીરી પણ મેલેરિયા શાખા દ્વારા કરવામાં આવનાર છે.

## શ્રી કુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. સાવરકુંડલાની ચૂંટણીનું જાહેરનામું

-// નમુનો -૧ //-

(જુઓ નિયમ - ૧૬)

ક્રમાંક :- તા.સ.ખ.વે.સંઘ લી./ચૂંટણી/વશી/૨૭૫/૨૨ — નાયબ કલેકટર કચેરી, સાવરકુંડલા તા.૩૦/૦૫/૨૦૨૨

ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓનાં સમિતિઓની ચૂંટણી બાબત નિયમો - ૧૯૮૨નાં નિયમ - ૧૬થી મળેલ સત્તાની રૂઈએ હું એસ.ડી. ચૌધરી, નાયબ કલેકટર (પ્રાંત) સબ ડીવીઝન સાવરકુંડલા અને ચૂંટણી સત્તાધિકારી, સાવરકુંડલા તરીકે આથી જાહેર કરૂ છું કે, કુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. સાવરકુંડલાનાં નામે ઓળખાતી નિર્દિષ્ટ સંઘના વ્યવસ્થાપક સમિતિનાં સભ્યોની તેના મતદારોમાંથી ચૂંટાયેલા સભ્યોની બોર્ડ ઓફ ડીરેકટર્સની મીટીંગની પ્રથમ બેઠક મળે તે તારીખથી પાંચ વર્ષની મુદત માટે ખેતી વિષયક સેવા સહકારી મંડળીઓનાં પ્રતિનિધિ - ૧૦(દસ) બેઠકોની ચૂંટણી થવાની છે. અને નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળ અથવા મતદાર મંડળો જેનો આમા હવે ''સંબંધિત મતદાર મંડળ'' તરીકે ઉલ્લેખ કર્યો છે. તેની ચૂંટણીના સંબંધમાં :-

-:: અનુસુચિ ::-

| | | | |
|---|---|---|---|
| ૧. | ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ | :- | તા.૦૪/૦૬/૨૦૨૨, ૧૫-૦૦ કલાક સુધી મામલતદાર કચેરી, સાવરકુંડલા (રજાના દિવસો સીવાય) |
| ૨. | ઉમેદવારી પત્રોની પ્રસિધ્ધિની તારીખ | :- | ઉમેદવારી પત્રો ભરવા માટેની કરાવેલી છેલ્લી તા.૦૪/૦૬/૨૦૨૨ |
| ૩. | ઉમેદવારી પત્રો ચકાસણીની તારીખ, સમય અને સ્થળ | :- | તા.૦૬/૦૬/૨૦૨૨, ૧૧-૦૦ કલાકથી મામલતદાર કચેરી, સાવરકુંડલા |
| ૪. | માન્ય ઉમેદવારી પત્રોની યાદી પ્રસિધ્ધિની તારીખ | :- | તા.૦૭/૦૬/૨૦૨૨ |
| ૫. | ઉમેદવારી પાછી ખેંચી લેવાની તારીખ | :- | તા.૦૮/૦૬/૨૦૨૨, ૧૫-૦૦ કલાક સુધી |
| ૬. | હરિફ ઉમેદવારની છેવટની યાદીની પ્રસિધ્ધિની તા. | :- | તા.૦૯/૦૬/૨૦૨૨ |
| ૭. | મતદાનની તારીખ, સ્થળ અને સમય | :- | તા.૧૫/૦૬/૨૦૨૨, ૯-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધી મામલતદાર કચેરી, સાવરકુંડલા |
| ૮. | મતગણતરી માટેની તારીખ, સમય અને સ્થળ | :- | તા.૧૬/૦૬/૨૦૨૨, ૯-૦૦ થી મામલતદાર કચેરી, સાવરકુંડલા |
| ૯. | મતદાનનાં પરિણામની જાહેરાતની તારીખ | :- | મતગણતરી પછી તરત જ |

નોંધઃ- મતદાન પૂર્ણ થયા બાદ સીલબંધ મતપેટીઓ સુરક્ષા માટે પેટા તિજોરી કચેરી, સાવરકુંડલાના સ્ટ્રોંગરૂમમાં રાખવાની રહેશે.

સ્થળ :- સાવરકુંડલા

તારીખ :- ૩૦/૦૫/૨૦૨૨

કોર્ટનો સિક્કો

સહી
(એસ.ડી. ચૌધરી)
નાયબ કલેકટર
સાવરકુંડલા

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૧૪૪૩, તિથિઃ પડવો, તા. ૩૧-૦૫-૨૦૨૨, મંગળવાર, સૂર્યોદય-૦૫:૫૮, સૂર્યાસ્ત-૦૭:૧૬, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્રઃ રોહીણી

## દૈનિક રાશિફળ

તા.૩૧-૫-૨૦૨૨ મંગળવાર

મેષઃ પરિવારમાં કોઈ શુભ કામનું આયોજન કરવામાં આવે તેવી સંભાવના છે. જીવનસાથી તરફથી ભેટો મળવાની સંભાવના છે.

વૃષભઃ આજે સખત મહેનતની સ્થિતિ ઓછી રહેશે, તેનાથી વિપરિત મહત્વાકાંક્ષા વધારે રહેશે.

મિથુનઃ લાંબા સમયથી મિત્ર સાથેનો તણાવ સમાધાનના સ્તરે સમાપ્ત થશે. દૈનિક વેપારીઓને ધનનો લાભ મળશે.

કર્કઃ આજીવિકાના ક્ષેત્રમાં તમારા અનુભવને અન્ય લોકો પણ જાણવા લાગ્યા છે, થોડા દિવસો પછી નવી તકો પણ મળી શકે છે.

સિંહઃ આજે દરેક કાર્યમાં વિજયનો દિવસ રહેશે, પરંતુ આ સમય માટે યોગ્ય રીતે ઉપયોગ કરવો પડશે.

કન્યાઃ તમારા મતે કાર્યકારી વાતાવરણમાં સુધારો થશે અને સાથીદારોના સહયોગથી પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થશે.

તુલાઃ વ્યવસાયમાં અગાઉ લેવાયેલા નિર્ણયો આજે સાર્થક થઈ શકે છે, તેથી નફાની પરિસ્થિતિઓમાં વિકાસ થશે.

વૃશ્ચિકઃ આજે ભાઇઓ સાથે મર્યાદિત વર્તન કરવું સારું રહેશે, નહીં તો થોડો માનસિક ત્રાસ આવી શકે છે.

ધનુઃ ક્ષેત્રમાં રોકાણ કરવાથી પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવામાં મદદ મળી શકે છે અને સારું વળતર પણ મળી શકે છે.

મકરઃ આજનો દિવસ સફળ છે, પરંતુ તમારી વાણી અને વર્તનને સંતુલિત રાખવો મહત્વપૂર્ણ છે.

કુંભઃ આજે દિવસની શરૂઆતમાં તમે જે કામથી ઉત્સાહ સાથે કરશો તે પછી પૂર્ણ થશે.

મીનઃ આજનો દિવસ તમારી વિચારસરણીનો બરાબર વિરોધી રહેશે, તમે વિચારશો અને કંઇક જુદું હશે.






તંત્રી સ્થાનેથી

# ચાઈનાને બદલે અમેરિકા ભારતનું નંબર વન બિઝનેસ પાર્ટનર બન્યું

યુક્રેન યુદ્ધ શરૂ થયું તે સમયે ભારત સામે બે મોટા વિકલ્પો ઊભા થયા કે કોને સહયોગ આપવો? અમેરિકા અને રશિયા બંને ભારતના ગાઢ મિત્રો છે. રશિયાએ ભૂતકાળમાં ભારતને ખૂબ મોટી સહાય તમામ ક્ષેત્રોમાં કરી છે આથી રશિયાને નારાજ કરવું કોઈ સંજોગોમાં પોષાય નહીં આવી જ રીતે અમેરિકા પણ ભારતનું ખાસ મિત્ર છે.

ભારત અને અમેરિકા સાથેના સંબંધો આજકાલના નથી પણ દાયકાઓ જૂના છે પરંતુ તેમાં જો નવો મોડ આવ્યો હોય તો ૧૯૧૪ પછી આવ્યો. આ સમય પછી નરેન્દ્ર મોદી અનેકવાર અમેરિકાની મુલાકાતે ગયા છે અને અમેરિકા સાથે પાકી દોસ્તી કરી લીધી છે. અમેરિકન સરકાર ભારતને છુટા હાથે તમામ સવલતો આપે છે તેને ભૂલી શકાય નહિ.

પરંતુ યુક્રેન યુદ્ધ થયા પછી ભારતે તટસ્થ નીતિ અપનાવી છે અને શાંતિની અપીલ કરી છે. યુદ્ધ કોઈપણ સંજોગોમાં યોગ્ય નથી તેનાથી વિશ્વભરના દેશોના અર્થતંત્રને ઊંડી અસર થશે, તેની મુશ્કેલી વધતી જશે આથી ભારતે યુદ્ધનો વિરોધ કર્યો છે પરંતુ રશિયાનો વિરોધ નથી કર્યો. કારણ કે રશિયા સાથે પણ ભારતના ઘણા જૂના સંબંધો છે આ સંબંધ બગડે નહીં તે માટે ભારતે ખાસ સાવચેતી રાખી છે. જોકે અમેરિકા સહિતના દેશો એ અપેક્ષા રાખતા હતા કે ભારત રશિયાનો ખુલ્લા મંચ પર આવીને વિરોધ કરે પરંતુ ભારતે આ બાબતમાં મૌન સેવ્યું છે અને રશિયાને નારાજ કરવાને બદલે તટસ્થ રહેવાની નીતિ અપનાવી છે. આની સામે અમેરિકાએ ભારતને ચેતવણી પણ આપી છે પરંતુ ભારતે આ ચેતવણીને નજર અંદાજ કરીને મૌન સેવ્યું છે કારણ કે રશિયા જેવા મહત્વના મિત્રને નારાજ કરી શકાય નહીં. ભારતે બેમાંથી કોઈને નારાજ નથી કર્યા. આથી અમેરિકા સાથેના સંબંધો ભારતના યથાવત રહ્યા છે. અમેરિકા બરાબર જાણે છે કે ભારતનો મેનપાવર અમેરિકન ટેકનોલોજીકલ વિકાસના મૂળમાં છે. ભારતીય લોકો થકી અમેરિકાની ઝડપી પ્રગતિ થઈ રહી છે આ ઉપરાંત અમેરિકા માટે ભારત સૌથી મોટું બજાર હોવાથી અમેરિકા કોઈપણ સંજોગોમાં ભારત સાથેના સંબંધોને ખરાબ થવા ન દે તે પણ એક હકીકત છે. અમેરીકાએ ભારત સાથેની નિકટતા વધારી છે ઘટાડી નથી. ભારત હવે સક્ષમ દેશ છે, તાકાતવાન દેશ છે તેની ઝડપી પ્રગતિ થઈ રહી છે. અન્ન ઉત્પાદનથી માંડીને તમામ ક્ષેત્રોમાં ભારત પાછળ નથી આથી ભારત-અમેરિકાના સંબંધો હંમેશા ગતિશીલ રહ્યા છે. અમેરિકા અને ભારતની નિકટતા વધી રહી છે અને તેના પૂરાવા બંને દેશો વચ્ચેના વેપારના આંકડા પરથી મળી રહ્યા છે. ૨૦૨૧-૨૨માં બંને દેશો વચ્ચેના વેપારે તમામ રેકોર્ડ તોડી નાંખ્યા છે. સરકારના વાણિજ્ય મંત્રાલયના કહેવા પ્રમાણે અમેરિકા ભારતનું સૌથી મોટુ બિઝનેસ પાર્ટનર બની ગયુ છે અને આ મામલામાં ચીનને પછડાટ આપી છે. આંકડા પ્રમાણે ૨૦૨૧-૨૨માં અમેરિકા અને ભારત વચ્ચેનો વેપાર વધીને ૧૧૯.૪૨ અબજ ડોલર થઈ ગયો છે. ૨૦૨૦-૨૧માં આ આંકડો ૮૦.૫૧ અબજ ડોલર હતો. ૨૦૨૧-૨૨માં ભારત દ્વારા અમેરિકામાં થતી નિકાસ વધીને ૭૬.૧૧ અબજ ડોલર થઈ છે. જે તેના પહેલાના વર્ષમાં ૫૧.૬૨ અબજ ડોલર હતી. આ દરમિયાન ભારત દ્વારા અમેરિકાથી થતી આયાત વધીને ૪૩.૩૧ અબજ ડોલર થઈ છે જે ૨૦૨૦-૨૧ના વર્ષમાં ૨૯ અબજ ડોલર હતી. આંકડા પ્રમાણે ભારત અને ચીન વચ્ચે ૨૦૨૧-૨૨માં ૧૧૫.૪૨ અબજ ડોલરનો વેપાર થયો હતો. જે ૨૦૨૦-૨૧માં ૮૬.૪ અબજ ડોલર હતો. ભારત દ્વારા ચીનમાં થતી નિકાસમાં મામૂલી વધારો થયો છે. ભારતે ચીનમાં ૨૧.૧૫ અબજ ડોલરની વસ્તુઓની નિકાસ કરી છે જે ૨૦૨૦-૨૧માં ૨૧.૧૮ અબજ ડોલર હતી. દરમિયાન ભારતે ચીન પાસેથી કરેલી આયાત વધીને ૯૪.૧૬ અબજ ડોલર થઈ છે જે ૨૦૨૦-૨૧માં ૬૫.૨૧ અબજ ડોલર હતી. ભારત અને ચીન વચ્ચેની વેપાર ખાધ વધીને ૭૨.૧૯ અબજ ડોલર થઈ છે જે અગાઉના વર્ષમાં ૪૪ અબજ ડોલર હતી. અમેરિકા પાસે એક મહત્વની વસ્તુ એ છે કે તેને ભારતની ખાસ જરૂર છે દક્ષિણ એશિયામાં ચીનની સત્તાને પડકારવા માટે ભારત સક્ષમ હોવાથી ભારત સાથેના સંરક્ષણ કરારો તેના લાભમાં છે. આનાથી ચાઈનાનું પ્રભુત્વ કંટ્રોલમાં રહેશે. દક્ષિણ ચીન અને ઓસ્ટ્રેલિયાની આસપાસના સમગ્ર વિસ્તારમાં ચાઇના કોઈપણ પ્રકારના અટકચાળા કરતા પહેલા વિચાર કરશે કારણ કે તેની સામે અમેરિકા, ભારત અને ઓસ્ટ્રેલિયા જેવી મહાશક્તિના પડકારો ઊભા હશે.

# ભારતનું નૈઋત્ય દિશાનું ચોમાસુ અનોખું છે

પ્રાસંગિક
સુરેશ ભટ્ટ

આજે સૌ કોઈ મેઘરાજાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. ભારતનું ચોમાસુ વિશ્વભરના હવામાન શાસ્ત્રીઓ માટે એક અજબ ઘટના છે. ભારતના ચોમાસાની પેટર્નને સમજવા માટે જગતભરના વૈજ્ઞાનિકો આતુર છે ભારતના અને વિશ્વના વિકસિત દેશોના વેધર સેટેલાઈટ પણ ભારતના ચોમાસાને સમજવા માટે પ્રયાસો કરી રહ્યા છે. સામાન્ય માનવી માટે વરસાદનું આગમન આનંદદાયક એટલા માટે જ છે જેને કારણે ઉનાળાની કાળઝાળ ગરમીમાં થોડી રાહત મળી શકે. સોમવતી અમાસને દિવસે કેરળના કિનારે મેઘરાજાએ એન્ટ્રી લઇ લીધી છે આથી સવારના ગાળામાં વાતાવરણ ખુશનુમા બન્યું છે ગરમી થોડી ઓછી થઈ છે. ભારતીય મોસમ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે કેરળના કિનારે વર્ષાઋતુનો પ્રારંભ ત્રણ દિવસ વહેલો થઈ ચૂક્યો છે. આ વખતે પૂરતા પ્રમાણમાં વરસાદ પડશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો છે. વરસાદ પર આપણા અર્થતંત્રનો સમગ્ર આધાર છે. વરસાદ જો સમયસર શરૂ થાય અને પૂરતા પ્રમાણમાં પડે તો તે વિકાસને વેગ આપે, કૃષિ ઉત્પાદન વધે. વરસાદ જો સમયસર શરૂ થઈ જાય તો સમયસર વાવણી થાય. વરસાદ પહેલા ખેડૂતો સાવચેતી સાથે આયોજન કરે છે જેથી કરીને ભારે વરસાદમાં ઓછામાં ઓછું નુકસાન થાય. આમ છતાં વરસાદ ઓચિંતો આવે છે અનરાધાર આવે છે. આવા સમયે નુકસાનનું પ્રમાણ અટકાવવા માટે હવે સૌ કોઈ સાવધાન બન્યા છે કારણ કે ભારત સરકારનું હવામાન ખાતું દર કલાકે મોસમની જાણકારી આપે છે. સમાચારની ચેનલો અને ઓલ ઈન્ડિયા રેડિયો પણ વરસાદ અને પૂરની ચેતવણીઓ સતત આપે છે આના કારણે જાનમાલનું નુકસાન પહેલા કરતા ઓછું થાય છે.


વરસાદ સમયસર આવે અને જોઈએ તેટલો જ આવે તો અર્થતંત્રને મોટો ફાયદો થાય અને નુકસાન પણ ઓછું થાય. પરંતુ આ બાબત વિજ્ઞાન અને ટેકનોલોજી મર્યાદાની બહાર છે માનવી કુદરતની ઉપરવટ જઈ શકે નહીં. પરંતુ વિજ્ઞાનના સાધનોની મદદથી પૂર્વાનુમાનને આધારે સાવચેતીના પગલા ચોક્કસ લઈ શકે અને નુકસાનીમાંથી બચી શકે. ભારે વરસાદને કોઈ રોકી શકે નહીં પરંતુ વરસાદ રોકાઈ ગયા પછી બચાવ અને રાહતની કામગીરી સમયસર હાથ ધરી નુકસાનીનું પ્રમાણ ચોક્કસ ઘટાડી શકાય છે. હવામાન વિભાગે ચોમાસાને લઈને મોટી માહિતી આપી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કેરળમાં ચોમાસાએ દસ્તક આપી છે. ચોમાસાના આગમન પહેલા કેરળના વિવિધ જિલ્લાઓમાં ભારે વરસાદનો સમયગાળો ચાલી રહ્યો છે. ચોમાસાની શરૂઆત બાદ કેરળમાં ભારે વરસાદની સંભાવના છે. અગાઉ, ભારતીય હવામાન વિભાગ (IMD) એ પખવાડિયા પહેલા બંગાળની ખાડીમાં આવેલા ચક્રવાતી તોફાન 'આસાની'ની અસરને કારણે શુક્રવારે (૨૭ મે) કેરળમાં ચોમાસાની શરૂઆત થવાની આગાહી કરી હતી. કેરળ પહેલા ૧૬ મેના રોજ આંદામાન નિકોબાર સુધી ભારતનું ચોમાસુ પહોંચી ચુકયુ હતું અને આસની નામના તોફાનના કારણે તે આગળ વધે તેવી શક્યતા હતી. ચોમસાની એન્ટ્રી સાથે જ હવામાન વિભાગે કેરળમાં ૧ જૂન સુધી ભારે વરસાદની આગાહી કરી છે. જો તમે ચોમાસાની રાહ જોઈ રહ્યા છો તો આ સમાચાર તમારા ચહેરા પર ખુશી લાવી શકે છે. હા... હવામાન વિભાગે ચોમાસાને લઈને મોટી માહિતી આપી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કેરળમાં ચોમાસાએ દસ્તક આપી છે. અહીં ચર્ચા કરીએ કે ચોમાસાના આગમન પહેલા કેરળના વિવિધ જિલ્લાઓમાં ભારે વરસાદનો સમયગાળો ચાલી રહ્યો છે. ચોમાસાની શરૂઆત બાદ કેરળમાં ભારે વરસાદની સંભાવના છે. અગાઉ, ભારતીય હવામાન વિભાગ (IMD) એ પખવાડિયા પહેલા બંગાળની ખાડીમાં આવેલા ચક્રવાતી તોફાન 'આસાની'ની અસરને કારણે શુક્રવારે (૨૭ મે) કેરળમાં ચોમાસાની શરૂઆત થવાની આગાહી કરી હતી.

હવામાનશાસ્ત્રના નવા સંકેતો અનુસાર, દક્ષિણ અરબી સમુદ્રના નીચલા સ્તરોમાં પશ્ચિમી પવનો વધુ તીવ્ર બન્યા છે. સેટેલાઈટ તસવીરો અનુસાર કેરળનો તટ અને તેની નજીકનો દક્ષિણપૂર્વ અરબી સમુદ્ર વાદળછાયો છે. આથી આગામી બે-ત્રણ દિવસ દરમિયાન કેરળમાં ચોમાસાની શરૂઆત માટે સ્થિતિ અનુકૂળ બની રહી છે. ચોમાસું ૧૬ મેના રોજ આંદામાન અને નિકોબાર



ટાપુઓ પર સમય કરતાં ઘણું વહેલું પહોંચી ગયું હતું અને ચક્રવાતની બાકી રહેલી અસરને કારણે તે આગળ વધવાની ધારણા હતી. હવે ચોમાસું કેરળ પહોંચી ગયું છે જે થોડા દિવસોમાં બાકીના ભારતમાં ફેલાઈ જશે. ઝારખંડમાં ૧૦ થી ૧૫ જૂનની વચ્ચે ચોમાસું આવી શકે છે. આંદામાનમાં ૧૭મી મે થી ચોમાસાનો વરસાદ શરૂ થયો હતો. હવામાન વિભાગની આગાહી હતી કે ૧ જૂન પહેલા કેરળમાં ચોમાસું આવી શકે છે, જે સાચું સાબિત થયું. આ વર્ષે ચોમાસાનો વરસાદ આંદામાન અને નિકોબારમાં નિર્ધારિત સમય કરતાં છ દિવસ વહેલો શરૂ થયો હતો. ચોમાસું સામાન્ય રીતે આંદામાનમાં ૨૨મી મેની આસપાસ આવે છે. હવામાન વિભાગે ચોમાસાનો વરસાદ સામાન્ય રહેવાની આગાહી કરી છે. મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં ચોમાસુ જૂનના મધ્યમાં પહોંચશે વરિષ્ઠ હવામાનશાસ્ત્રી પી. કે. સાહાએ જણાવ્યું હતું કે મધ્ય પ્રદેશમાં જૂનના મધ્ય સુધીમાં ચોમાસું દસ્તક દે તેવી અપેક્ષા છે. તે જ સમયે, ૧૫ જૂનની આસપાસ, ચોમાસું છત્તીસગઢમાં પ્રવેશ કરી શકે છે. હવામાનશાસ્ત્રીઓના મતે કેરળમાં ચોમાસાના વહેલા આગમન પાછળ ચક્રવાત આસાનીની અસર છે. ગુજરાતમાં ચોમાસાનું આગમન ટૂંક સમયમાં શરૂ થશે. જે દક્ષિણ ગુજરાતના સમુદ્ર કિનારેથી તે આગળ વધે છે અને મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્ર કચ્છ પર છવાઈ જાય છે. ભારતમાં ચોમાસાના વરસાદ પહેલા પ્રિ-મોન્સુન વરસાદ આવે છે. બે પ્રકારના વરસાદમાં મોટો તફાવત છે. ચોમાસાનો વરસાદ મોટી અને વિસ્તૃત પ્રક્રિયાઓનું પરિણામ છે, ચોમાસા પહેલાનો વરસાદ એક અલગ પ્રકારનો છે, તેમના વાદળો અને સ્વરૂપો પણ કંઈક અલગ છે. ભારતમાં ચોમાસાના આગમનને હવે ગણતરીના દિવસો જ બાકી છે. ચોમાસું ૧ જૂને કેરળ પહોંચે છે અને તે પહેલાં જ તેના આગમન અને વરસાદની આગાહી વગેરેની ચર્ચાઓ ચાલતી રહે છે. ભારતમાં ચોમાસું ક્યાં પહોંચ્યું?, કેવી રીતે અને કયાં કેટલા દિવસમાં પહોંચશે?, આ વર્ષે કેટલો વરસાદ પડશે? તેવા અનેક સવાલો પર લોકોની નજર રહેશે. આ સાથે ચોમાસા અને પ્રિ-મોન્સુન વરસાદની પણ વાત છે. ભારતમાં ચોમાસાની ઋતુ ઘણી મોટી અને વિસ્તૃત પ્રક્રિયાઓથી બનેલી છે. મે જૂન મહિનામાં, ભારતીય દ્વીપકલ્પ ગરમી સાથે ગરમ થવાનું શરૂ કરે છે, જ્યારે અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં અને તેની આસપાસનું તાપમાન તુલનાત્મક રીતે ઓછું હોય છે. તાપમાનના આ તફાવતને કારણે સમુદ્રમાંથી પાણીના વાદળો મોટા પ્રમાણમાં ઉત્તર ભારત તરફ જાય છે અને ત્યાં જતી વખતે સમગ્ર ભારતમાં વરસાદ પડે છે, જેને ચોમાસાનો વરસાદ કહેવામાં આવે છે. ભારતીય દ્વીપકલ્પમાં, ચોમાસા પહેલાનો વરસાદ ઉત્તરીય ભાગોમાં પહેલા આવે છે અને વહેલો વિદાય લે છે. ઉત્તર ભારતમાં જૂન મહિનાને ચોમાસા પહેલાની ઋતુ કહેવામાં આવે છે. કેરળ અને ઉત્તરપૂર્વ ભારતમાં ચોમાસું ૧ જૂને આવે છે, પરંતુ ચોમાસું ઝડપથી મહિનાના અંત સુધીમાં ઉત્તર ભારતમાં પહોંચે છે. પરંતુ ચોમાસા અને ચોમાસા પહેલાના વરસાદની લાક્ષણિકતાઓમાં થોડો તફાવત છે. પ્રિ-મોન્સુન વરસાદ ગરમી અને ભેજની સ્થિતિ દ્વારા વર્ગીકૃત થયેલ છે. આ અસ્વસ્થ સ્થિતિ આખો દિવસ અને રાત રહે છે પરંતુ જોરદાર પવન ગરમીથી થોડી રાહત આપે છે. ચોમાસામાં પવન અને લાંબા વરસાદના કારણે તાપમાનમાં ઘટાડો જોવા મળે છે. આ સિવાય વાદળો અને તેમના પ્રવાહમાં પણ મોટો તફાવત છે. ચોમાસા પહેલાના વાદળો ઉપર તરફ જાય છે અને સામાન્ય રીતે સાંજે વરસાદ પડે છે. જ્યાં પ્રિ-મોન્સુન વાદળો ઉપર તરફ જાય છે અને ઊંચા તાપમાને બને છે. બીજી બાજુ, ચોમાસાના વાદળો સ્તરીય વાદળો છે જે એક જગ્યાએથી બીજા સ્થાને લાંબા અંતરની મુસાફરી કરે છે. આ સ્તરોમાં ઉચ્ચ ભેજ હોય છે. ચોમાસા પહેલાનો વરસાદ જોરદાર અને તીવ્ર હોય છે, જે એક - બે દિવસમાં પૂરો થાય છે. તે જ સમયે, ચોમાસાના વરસાદની પાળી લાંબી છે અને આ વરસાદ પણ વારંવાર થાય છે. બંને પ્રકારના વરસાદ એકસાથે જોવા મળતા નથી. ચોમાસાનો વરસાદ દિવસના પડે એવો નિયમ નથી. ભારતમાં ચોમાસાના વરસાદ પહેલા પ્રિ-મોન્સુન વરસાદ આવે છે. બે પ્રકારના વરસાદમાં મોટો તફાવત છે. ચોમાસાનો વરસાદ મોટી અને વિસ્તૃત પ્રક્રિયાઓનું પરિણામ છે, ચોમાસા પહેલાનો વરસાદ એક અલગ પ્રકારનો છે, તેમના વાદળો અને સ્વરૂપો પણ કંઈક અલગ છે. ભારતમાં ચોમાસાના આગમનને હવે ગણતરીના દિવસો જ બાકી છે. ચોમાસું ૧ જૂને કેરળ પહોંચે છે અને તે પહેલાં જ તેના આગમન અને વરસાદની આગાહી વગેરેની ચર્ચાઓ ચાલતી રહે છે. ભારતમાં ચોમાસું ક્યાં પહોંચ્યું , કેવી રીતે અને ક્યાં કેટલા દિવસમાં પહોંચશે. આ વર્ષે કેટલો વરસાદ પડશે તેવા અનેક સવાલો પર લોકોની નજર રહેશે. આ સાથે ચોમાસા અને પ્રિ મોન્સુન વરસાદની વાત કરીએ તો બને અલગ છે. ભારતમાં ચોમાસાની ઋતુ ઘણી મોટી અને વિસ્તૃત પ્રક્રિયાઓથી બનેલી છે. મે જૂન મહિનામાં, ભારતીય દ્વીપકલ્પ સાગરના પાણી સાથે ગરમ થવાનું શરૂ કરે છે, જ્યારે અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં અને તેની સાથે રહેલા મહાસાગરોમાંથી જે ભેજ આકાશમાં ચડે છે તેના વાદળા બંધાય છે. આગળ જતા ઠંડા પડે છે અને ઠંડા પડતાં તેમાં રહેલો ભેજ પાણીના સૂક્ષ્મ બિંદુઓમાં રૂપાંતર થઈ જાય છે અનેક બિંદુ મળી વરસાદનું ટીપું બને છે અને તે વજનદાર હોવાથી ધરતી પર વરસાદ બનીને વરસી પડે છે કોઈવાર ઠંડીનું પ્રમાણ વધુ હોય તો આ પાણીના ટીપાઓ હીમ બિંદુ બની જાય છે અને વરસાદના કરા પડે છે. આમ ભારતીય ઉપખંડનું ચોમાસુ ખાસ પ્રકારની વિશિષ્ટતાઓ ધરાવે છે જેને કારણે જગતભરના હવામાન શાસ્ત્રીઓ તેમાં ઊંડો રસ ધરાવે છે. તેના અભ્યાસથી તેને વિશ્વભરના ચોમાસાને સમજવામાં સરળતા પડે છે.

## શબ્દ સંજોગ-૧૩૫૯



**આડી ચાવી :**

(૧) તાલ આપવા તબલા પર જોરથી દેવાતી થાપટ (૩)
(૩) મોટું નગારુ (૩)
(૬) દુહા જેવી વીરરસની એક રચના (૩)
(૮) માથામાં નાંખવાનું તેલ (૩)
(૧૦) માથાનો કેશ, ચોટલો (૨)
(૧૩) સુંદર અવયવોવાળુ (૩)
(૧૫) પોપટ (૨)
(૧૮) એક વનસ્પતિ-જેના મૂળનું અથાણું થાય છે (૪)
(૨૦) ધારો, વહીવટ (૨)
(૨૧) તાબે, આધીન (૨)
(૨૨) એક ફેરે રંધાય એટલો જથ્થો (૨)
(૨૩) નીચ, આછકલા સ્વભાવનું (૪)
(૨૫) અને, તે પ્રમાણે (૨)
(૨૭) એક ફૂલ (૩)
(૨૮) રેલવેનું બોગદુ (૩)
(૩૦) તર્ક, દલીલ (૨)
(૩૧) વૃત્તિ, મનનું વળવુ તે (૩)

**ઉભી ચાવી :**

(૧) યુધ્ધ, લશ્કર (૩)
(૨) સારું, યોગ્ય (૨)
(૩) જુદા, અલગ (૨)
(૪) પુત્ર, દીકરો (૨)
(૫) જૂની થવાથી બેસ્વાદ બનેલી (૨)
(૭) નગારા પર ચામડા મઢનારો (૪)
(૯) સમાનતા, બરાબરી (૨)
(૧૧) મોતીનું એક તોલ (૨)
(૧૨) તુચ્છ, અલ્પ (૩)
(૧૪) કોટની દીવાલની બાજુ (૨)
(૧૬) ફોગટ, નિષ્ફળ (૨)
(૧૭) મોંઘવારીમાં દરેકે કરવી જોઈએ. (આ-અ) (૫)
(૧૯) કાંચળીનો છાતી ઉપરનો ભાગ (૪)
(૨૦) નમ્ર, વિનયી (૩)
(૨૩) ઘસારો, નુકસાન (૩)
(૨૪) આશરે ૫૬ મણનું એક અંગ્રેજી તોલ (૨)
(૨૬) મૂડી, પૂંજી (૩)
(૨૯) થોડું, અંશ (૨)


## શબ્દ સંજોગ-૧૩૫૮ જવાબ

**આડી ચાવી :** (૧) ખૂટલ (૩) સતોરુ (૬) ખમણ (૭) ડમરો (૮) સૂરત (૯) કોપ (૧૧) રજૂ (૧૩) તરફ (૧૫) તક (૧૭) ઈમાન (૧૯) સવા (૨૦) ચોરી (૨૧) ફલ (૨૨) નારી (૨૪) સ્વૈર (૨૬) મર્કટ (૨૮) નાદાન (૨૯) દમણ.
**ઉભી ચાવી :** (૧) ખૂબસૂરત (૨) લખતર (૩) સણકો (૪) રુંડ (૫) સરોજ (૧૦) પતન (૧૨) જાઈ (૧૪) ફસલ (૧૬) કચોરી (૧૮) માર્ચ (૨૧) ફરજંદ (૨૨) નામના (૨૩) કર્ક (૨૫) મસાણ (૨૬) મન (૨૭) ટકો.

# શેરબજાર તેજી તરફ : સેન્સેક્સમાં ૧૦૪૧ અંકનો વધારો

મુંબઈ,તા.૩૦

ભારતીય શેરબજારો આજે સપ્તાહના પ્રથમ દિવસે વધીને બંધ રહ્યાં હતા. સેન્સેક્સ ૧૦૪૧ અંક વધી ૫૫૯૨૫ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૩૦૯ અંક વધી ૧૬૬૬૧ પર બંધ રહ્યો હતો. એમએન્ડએમ, ટાઈટન કંપની, ઈન્ફોસિસના શેર વધ્યા. સેન્સેક્સ પર એમએન્ડએમ, ટાઈટન કંપની, ઈન્ફોસિસ, એચસીએલ ટેક, લાર્સન સહિતના શેર





વધીને બંધ રહ્યાં હતા. એમએન્ડએમ ૫.૧૭ ટકા વધી ૧૦૦૨.૪૫ પર બંધ રહ્યો હતો. ટાઈટન કંપની ૪.૯૮ ટકા વધી ૨૨૫૬.૦૦ પર બંધ રહ્યો હતો. જોકે કોટક મહિન્દ્રા, સન ફાર્મા, ડો.રેડ્ડી લેબ્સ, આઈટીસી સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. કોટક મહિન્દ્રા ૨.૧૨ ટકા ઘટી ૧૯૦૪.૯૫ પર બંધ રહ્યો હતો. સન ફાર્મા ૧.૬૫ ટકા ઘટી ૮૮૯.૦૦ પર બંધ રહ્યો હતો.

## માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૨૧૦૦ | ૨૬૯૫ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૬૮ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૪ |
| જુવાર સફેદ | ૪૭૦ | ૬૫૫ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૪૫ |
| બાજરી | ૨૮૦ | ૫૩૦ |
| તુવેર | ૯૦૦ | ૧૨૦૦ |
| ચણા પીળા | ૮૦૫ | ૮૫૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૭૫૦ |
| અડદ | ૭૦૦ | ૧૩૪૦ |
| મગ | ૧૧૫૦ | ૧૨૯૬ |
| વાલ દેશી | ૮૨૦ | ૧૪૭૦ |
| વાલ પાપડી | ૧૮૧૧ | ૨૦૦૦ |
| ચોળી | ૯૬૦ | ૧૧૦૦ |
| કળથી | ૮૫૦ | ૯૭૫ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૧૮૦૦ |
| તલી | ૧૭૦૦ | ૧૯૫૦ |
| સુરજમુખી | ૯૫૦ | ૧૩૧૦ |
| એરંડા | ૧૪૦૦ | ૧૪૯૭ |
| અજમો | ૧૫૪૦ | ૧૯૭૦ |
| સુવા | ૧૧૫૦ | ૧૩૩૫ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૨૭૩ |
| સીંગફાડા | ૧૪૦૦ | ૧૬૫૦ |
| કાળા તલ | ૧૯૪૦ | ૨૪૭૦ |
| લસણ | ૧૭૦ | ૪૭૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૧૭૧ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૩૦૦૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૩૩૦ |
| વરીયાળી | ૧૭૨૫ | ૧૯૪૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૪૦૬૫ |
| રાય | ૧૦૦૮ | ૧૨૦૫ |
| મેથી | ૮૬૦ | ૧૧૬૫ |
| ઇસબગુલ | ૨૪૦૦ | ૨૬૫૦ |
| કલોંજી | ૨૧૦૦ | ૨૬૮૦ |
| રાયડો | ૧૧૩૫ | ૧૨૪૨ |
| રજકાનું બી | ૩૫૦૦ | ૫૧૦૦ |
| ગુવારનું બી | ૧૧૦૦ | ૧૧૪૫ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૩૭૦ |
| ડુંગળી સુકી | ૪૫ | ૨૪૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૧૩૮ | ૧૩૧૮ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૩૧૫ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૭૯૯ |
| શિંગ દાણા(ફાડા) | ૧૪૦૦ | ૧૭૫૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૬૪ |
| તલ કાળા | ૧૦૦૦ | ૨૪૩૫ |
| તલ કાશ્મીરી | ૧૮૫૪ | ૨૦૫૫ |
| બાજરો | ૩૦૦ | ૪૩૪ |
| જુવાર | ૪૧૧ | ૬૬૦ |
| ઘઉં ટુકડા | ૨૬૦ | ૫૩૬ |
| ઘઉં લોકવન | ૪૦૩ | ૪૮૧ |
| ચણા | ૬૭૦ | ૮૫૦ |
| તુવેર | ૭૪૫ | ૧૧૨૧ |
| કપાસ | ૧૩૨૫ | ૨૮૨૫ |
| એરંડા | ૧૩૦૦ | ૧૪૫૯ |
| જીરું | ૧૬૦૦ | ૩૭૫૧ |
| રાઈ | ૧૦૫૦ | ૧૧૪૦ |
| ધાણા | ૧૭૯૬ | ૨૦૬૦ |
| મેથી | ૮૯૧ | ૯૮૪ |
| ચણાદેશી | ૮૧૫ | ૮૮૦ |
| અજમા | ૭૯૦ | ૧૫૪૫ |
| ગમગુવાર | ૮૪૫ | ૧૧૦૮ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૫૫૫ |
| બાજરી | ૨૫૦ | ૪૪૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૬૯ |
| મગ | ૧૧૦૦ | ૧૨૯૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૩૨૦ |
| તુવેર | ૫૦૦ | ૯૦૦ |
| ચોળી | ૯૦૦ | ૧૦૬૫ |
| વાલ | ૧૪૦૦ | ૧૪૫૦ |
| મેથી | ૯૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૭૫૦ | ૮૪૫ |
| મગફળી - જીણી | ૧૦૦૦ | ૧૩૬૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| એરન્ડા | ૧૩૬૫ | ૧૪૮૮ |
| તલી | ૧૮૦૦ | ૧૯૫૦ |
| તલ કાળા | ૨૧૫૦ | ૨૨૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૩૦ |
| લસણ | ૧૫૫ | ૫૦૦ |
| કપાસ | ૧૮૫૦ | ૨૨૪૫ |
| જીરૂ | ૨૭૦૦ | ૪૧૧૦ |
| અજમો | ૧૬૦૦ | ૨૨૬૦ |
| અજમા ની ભુસી | ૧૦૦ | ૧૮૫૦ |
| ધાણા | ૧૬૦૦ | ૨૧૩૦ |
| કલોંજી | ૧૯૦૦ | ૨૫૨૫ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૪૮૨ |
| ઘઉં ટુકડા | ૪૦૪ | ૫૮૧ |
| મગફળી જીણી | ૯૩૦ | ૧૩૯૦ |
| મગફળી જાડી | ૮૨૦ | ૧૩૪૬ |
| સીંગ ફાડીયા | ૧૫૮૧ | ૧૯૦૧ |
| એરંડા/એરંડી | ૧૩૩૧ | ૧૪૯૬ |
| તલ-તલી | ૧૨૫૧ | ૧૯૪૧ |
| જીરૂ | ૨૨૦૧ | ૪૦૩૧ |
| કલંજી | ૧૨૦૦ | ૨૬૩૧ |
| ધાણા | ૧૦૦૦ | ૨૨૬૧ |
| ધાણી | ૧૧૦૦ | ૨૩૪૧ |
| લસણ સુકું | ૧૦૧ | ૪૩૧ |
| બાજરો | ૩૦૧ | ૪૦૧ |
| જુવાર | ૩૯૧ | ૫૯૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૪૧ |
| મગ | ૮૦૦ | ૧૨૫૧ |
| ચણા | ૭૮૬ | ૯૧૧ |
| વાલ | ૯૦૧ | ૧૪૭૬ |
| તુવેર | ૬૫૧ | ૧૨૧૧ |
| સોયાબીન | ૧૦૭૬ | ૧૩૬૦ |
| રાયડો | ૧૧૧૧ | ૧૧૩૧ |
| રાય | ૧૦૦૦ | ૧૦૯૧ |
| મેથી | ૫૨૬ | ૧૧૪૧ |
| ગોગળી | ૬૯૧ | ૧૧૯૧ |
| સુરજમુખી | ૫૫૧ | ૧૨૩૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૮૦૦ | ૨૮૬૦ |
| મગફળી | ૧૧૧૮ | ૧૨૫૨ |
| ચણા | ૮૩૮ | ૮૪૬ |
| ઘઉં | ૪૦૮ | ૪૭૨ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૭૦૦ | ૨૭૦૦ |
| ઘઉં | ૩૮૦ | ૪૭૦ |
| ચણા | ૮૦૦ | ૮૫૪ |
| તુવેર | ૮૦૦ | ૧૦૨૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૨૫૪ |
| શિંગ ફાડા | ૧૨૫૦ | ૧૪૩૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૪૬ |
| મેથી | ૮૦૦ | ૯૩૦ |
| ધાણા | ૧૩૦૦ | ૨૦૯૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૨૨૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૦૦ | ૧૨૨૦ |
| ચણા | ૭૬૦ | ૮૪૦ |
| મગ | ૧૧૬૫ | ૧૧૬૬ |
| તલ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| સોયાબીન | ૧૧૭૦ | ૧૧૭૦ |
| શીંગ ફાડા | ૧૪૨૦ | ૧૬૨૭ |
| મેથી | ૮૫૫ | ૮૫૫ |
| તુવેર | ૬૦૦ | ૯૫૦ |
| **કોડીનાર** | | |
| મગફળીનવીજી-૨૦ | ૧૦૩૪ | ૧૪૧૬ |
| બાજરી હાઈબ્રીડ | ૩૬૦ | ૪૪૮ |
| ઘઉં | ૩૭૦ | ૪૯૬ |
| જુવાર | ૪૫૦ | ૬૩૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૩૫૨ |
| એરંડી | ૧૨૫૦ | ૧૪૪૫ |
| ચણા | ૭૦૦ | ૮૬૪ |
| કાળા તલ | ૧૭૦૦ | ૨૩૩૫ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૨૬૦ |
| ચોળી | ૭૫૦ | ૧૦૬૫ |
| મગફળી જી૨૦ | ૧૦૩૪ | ૧૪૧૬ |
| **રાજુલા** | | |
| બાજરો | ૩૫૦ | ૪૪૬ |
| જુવાર | ૪૦૦ | ૭૦૦ |
| ઘઉં ટુકડા | ૩૬૦ | ૪૩૫ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૨૩૧ |
| મેથી | ૭૦૦ | ૯૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૮૦૦ | ૮૫૦ |
| ધાણા | ૧૪૦૧ | ૧૯૦૧ |
| શીંગ | ૧૦૦૦ | ૧૨૮૫ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૯૨૧ |
| તલ કાળા | ૧૫૦૦ | ૨૩૫૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૦૧૧ |
| કપાસ | ૧૨૦૦ | ૨૩૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૬૦૦ | ૨૩૨૫ |
| ઘઉં લોકવન | ૪૨૬ | ૪૫૫ |
| ચણા | ૭૬૩ | ૮૦૨ |
| ધાણા | ૧૬૦૦ | ૧૯૪૫ |
| મેથી | ૮૧૦ | ૮૫૦ |
| રાઈ | ૧૦૦૦ | ૧૦૩૫ |
| તુવેર | ૯૦૦ | ૯૭૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ - મોટી | ૧૨૧૦ | ૧૩૫૭ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૩૦ |
| તલ કાળા | ૧૯૦૦ | ૨૪૪૮ |
| જીરૂ | ---- | ૩૯૪૦ |
| કપાસ | ૧૯૩૦ | ૨૬૧૦ |
| ઘઉં લોકવન | ૪૨૩ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૪૪૮ | ૫૪૦ |
| બાજરો | ૩૦૦ | ૪૫૦ |
| જુવાર | ૩૫૦ | ૫૮૦ |
| મકાઇ | --- | ૩૮૦ |
| ચણા દેશી | ૮૬૦ | ૯૪૮ |
| ચણા | ૮૧૧ | ૮૫૮ |
| તુવેર | ૮૬૫ | ૯૯૬ |
| એરંડી | -- | ૧૩૮૦ |
| મેથી | ૮૮૦ | ૯૬૬ |
| સોયાબીન | ૧૨૦૫ | ૧૨૬૦ |
| **મહુવા** | | |
| શીંગ જી-૨૦ | ૧૦૪૧ | ૧૩૭૬ |
| જુવાર | ૩૩૪ | ૬૬૬ |
| બાજરી | ૨૦૦ | ૪૮૭ |
| મકાઇ | ૩૯૦ | ૪૦૦ |
| અડદ | ૪૦૦ | ૧૩૪૨ |
| મગ | ૫૦૧ | ૧૨૧૯ |
| ચણા | ૬૧૧ | ૮૪૦ |
| તલ સફેદ | ૧૫૫૧ | ૨૧૨૩ |
| તલ કાળા | ૧૯૫૦ | ૨૪૦૦ |
| સોયાબીન | ૮૯૦ | ૧૨૩૫ |
| ડુંગળી સફેદ | ૧૧૧ | ૨૨૭ |
| ડુંગળી લાલ | ૪૪ | ૨૬૧ |
| કપાસ | ૧૨૫૦ | ૨૪૦૦ |
| નાળીયેર | ૩૮૦ | ૧૭૫૧ |
| મેથી | ૬૪૦ | ૧૦૫૨ |
| તુવેર | ૭૦૧ | ૯૨૪ |
| શીંગ મગડી | ૧૦૪૧ | ૧૩૭૬ |
| **ખાંભા** | | |
| મગફળી | ૧૧૬૦ | ૧૨૪૫ |
| ચણા | ૭૧૧ | ૮૪૦ |
| તલ સફેદ | ૧૯૦૧ | ૧૯૫૭ |
| જુવાર | ૫૨૫ | ૬૨૧ |
| તલ કાળા | ૨૦૬૦ | ૨૦૬૦ |
| બાજરો | ૫૦૦ | ૫૦૦ |
| રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# માંડણ ગામે આવેલી કરજણ નદીમાં એક જ પરિવારના પાંચ ડૂબ્યા : પાંચેયના મોત

## સુરતના સુંવાલીમાં પાંચ મિત્રો ડૂબ્યા : એકને બચાવાયો, બેના મોત, બેની શોધખોળ શરૂ



સુરત,તા.૩૦

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના માંડણ ગામ ખાતે નૌકા વિહાર કરવા ગયેલા પરિવારની બોટ કરજણ નદીમાં ઉંધી વળી જતા પાંચ વ્યક્તિના મોત થયા છે. જ્યારે સુરતના સુંવાલી દરિયામાં ન્હાવા પડેલા પાંચ મિત્રો ઉંડા પાણીમાં ગરક થઈ ગયા હતા તરવૈયાઓએ બે મૃતદેહ બહાર કાઢયા હતા અને એક યુવાનને બચાવી લીધો હતો. તેમજ બે યુવક લાપતા હોવાથી તેની શોધખોળ કરવામાં આવી છે. ભરૂચના જનકસિંહ પરમાર, જીજ્ઞાશાબેન પરમાર, પુર્વરાજસિંહ પરમાર, વિરપાલસિંહ ચૌહાણ અને ખુશીબેન ઉર્ફે સંગીતાબેન ચૌહાણ ગઈકાલે રવિવાર હોવાથી માંડણ ગામે કુદરતી સૌંદર્ય નિહાળવા માટે સહપરિવાર ગયા હતા. માંડણ નદીમાં નૌકા વિહાર માટે બોટ લઈને જાતે જ સવારી કરી હતી. દરમિયાન બોટ ઉંડા પાણીમાં ઉંધી વળી જતા એક જ પરિવારના પાંચ વ્યક્તિઓ પાણીમાં ગરક થઈ ગયા હતા.

# ભયંકર પવન ફૂંકાવાની શક્યતાના પગલે રાજ્યમાં ૧ જૂન સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના

અમદાવાદ,તા.૩૦



કેરળમાં ચાર દિવસ વહેલું નૈઋત્યના ચોમાસાનું આગમન થયુ છે. ત્યારે હવે ગુજરાતના ખેડૂતોને પણ ચોમાસાની વધુ રાહ જોવી નહીં પડે. એક અંદાજ પ્રમાણે ગુજરાતમાં ચોમાસા માટે હજુ થોડી રાહ જોવી પડશે. રાજ્યમાં ૨૦ જૂનની આસપાસ ચોમાસાનું આગમન થાય તેવી વકી છે. ત્યારે હવામાન વિભાગ આગામી ૪૮ કલાકમાં ઓબ્ઝર્વેશન કરીને ચોમાસાની તારીખ નક્કી કરશે. તો બીજી બાજુ રાજ્યના દરિયાકાંઠે હવાની ઝડપ ૫૦ કિ.મી. પ્રતિ કલાક રહી શકે છે. જેથી ૧ જૂન સુદી માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપી છે. રાજ્યના હવામાન વિભાગે પહેલી જૂન સુધી દરિયો ન ખેડવાની ચેતવણી આપી છે. કચ્છ, મુન્દ્રા, નવા કેડલા, જખૌ, નવલખી, જામનગર, ઓખા, સલાયા, પોરબંદર સહિતના દરિયામાં ૪૦ થી ૫૦ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. પવનની ઝડપ અસ્થાયી રૂપે ૬૦ કિમિ પ્રતિ કલાક સુધી પહોંચી શકે તેવી પણ સંભાવના રહેલી છે.

# અમદાવાદના સાબરમતી કન્ટેનર ડેપોમાંથી રૂ.૧૧.૭૦ કરોડનું રક્તચંદન ઝડપી લેવાયું

અમદાવાદ,તા.૩૦



ગુજરાત હવે મહામૂલા રક્તચંદનની દાણચોરીનુ હબ બની ગયુ છે. ત્યારે ફરી એકવાર ડીઆરઆઈએ ઓપરેશન 'રક્તચંદન' હેઠળ રૂપિયા ૧૧.૭૦ કરોડનું રક્ત ચંદન કબજે કર્યું છે. ૮૪૦ લાકડાના લોગ સહિત ૧૪.૬૩ મેટ્રિક ટન જેટલું રક્તચંદન ઝડપાયુ છે. દાણચોરી મામલે ડીઆરઆઈએ શંકાસ્પદ કન્ટેનરને 'કન્ટેનર સ્કેનિંગ ડિવાઈસ' દ્વારા સ્કેન કરતા રક્તચંદનની દાણચોરીનો મામલો સામે આવ્યો હતો. રક્તચંદન શારજાહ મારફતે યુએઇ મોકલવાનું હતું તે પહેલા જ આઈસીડી સાબરમતી ખાતે પકડાયુ હતું. આ મામલે હવે વધુ તપાસ કરાશે કે જથ્થો ક્યાંથી આવ્યો હતો, અને ક્યાં લઈ જવામા આવ્યો હતો, તેમજ તેમાં કોનો કોનો હાથ હતો.

# ભાવનગરમાં કેન્દ્રીય મંત્રી માંડવીયાના હસ્તે ટ્રેનિંગ સેન્ટરનું ઉદઘાટન કરાશે


અમરેલી, તા.૩૦



રસાયણ અને પેટ્રો કેમિકલ્સ વિભાગ દ્વારા ભાવનગર ખાતે વ્યવસાયિક ટ્રેનિંગ સેન્ટરનું ઉદઘાટન કરવામાં આવનાર છે. તા.૩૧ મે મંગળવારના રોજ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાના હસ્તે આ ટ્રેનિંગ સેન્ટર ખુલ્લુ મુકાશે. આ કાર્યક્રમમાં રાજ્ય મંત્રી કિરીટસિંહ રાણા, આર. સી.મકવાણા, સાંસદ ભારતીબેન શિયાળ સહિત ભાવનગર જિલ્લાના ધારાસભ્યો અને પેટ્રો કેમિકલ્સ વિભાગના અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિ રહેશે. આ ટ્રેનિંગ શરૂ થવાથી સૌરાષ્ટ્રના અનેક વ્યવસાયિક લોકોને ટ્રેનિંગ સેન્ટરનો લાભ મળશે.

# જેતપુરમાં બેકાબૂ કારે ફૂટપાથ પર બેઠેલા બે યુવકોને કચડ્યા : બંનેના કરૂણ મોત

રાજકોટ,તા.૩૦



જેતપુરના નકલંક આશ્રમ રોડ પર ફૂટપાથ પર બેઠેલી બે વ્યક્તિને એક કાર ચાલકે કચડી નાખી હતી. કાર પૂરપાટ વેગે આવી હતી અને કારચાલકે પહેલા બે બાઈકને ટક્કર મારી હતી, બાદમાં ફૂટપાથ પર બેઠેલી બે વ્યક્તિને કચડી નાખી હતી. કારની સ્પીડ એટલી હતી કે અકસ્માત બાદ એ બાજુના ખેતરમાં પલટી મારી ગઈ હતી. બનાવ બાદ પોલીસે કારચાલક યુવકની ધરપકડ કરી છે. બનાવ બાદ રાત્રે લોકો એકઠા થયા હતા અને ઘાયલોને ૧૦૮ની મદદથી સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ, ગંભીર રીતે ઘાયલ નિખિલ દિનેશભાઈ ઘેલાણી (ઉં.વ. ૨૩) અને હાર્નીસ રાજેશ કુમાર મેર (ઉં.વ. ૨૪)ને સારવારમાં ખસેડાયા બાદ બંનેનું મોત થયું છે.

# બદ્રી-કેદારેશ્વર ભગવાનના દર્શન કરતા એસજીવીપી ગુરૂકુલના ભક્તો



અમદાવાદ, તા.૩૦

બરફથી આચ્છાદિત અને કડકડતી ઠંડીમાં ભારતના શિરમોર તીર્થ કેદારેશ્વર અને બદ્રીનાથના દર્શનાર્થે એજીવીપી ગુરૂકુલના ભક્તો પહોંચ્યા હતા. જ્યાં કેદારેશ્વર અને બદ્રીનાથ ભગવાનના કનુભગત તથા શામજી ભગત સાથે ગુરૂકુલના શિક્ષક વિશાલ છત્રોલાએ ભાવથી દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# રાજ્ય સરકાર, ટાટા મોટર્સ અને ફોર્ડ કંપની વચ્ચે ત્રિપક્ષીય સમજૂતી કરાર

(એ.આર.એલ) ગાંધીનગર,તા.૩૦



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ગુજરાત સરકાર, ટાટા મોટર્સની સબસિડીયરી ટાટા પેસેન્જર ઈલેક્ટ્રીક મોબિલિટી લિમિટેડ અને ફોર્ડ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ વચ્ચે ત્રિપક્ષીય સમજૂતી કરાર સંપન્ન થયા હતા. ગુજરાત સરકારે ૨૦૧૧માં ફોર્ડ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ સાથે કરેલા સ્ટેટ સપોર્ટ એગ્રીમેન્ટના અનુસંધાને તથા ટાટા મોટર્સની પેટાકંપની ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટી લિમિટેડ વચ્ચે થયેલી સમજૂતીના સંદર્ભમાં આ ત્રિપક્ષીય સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. તદઅનુસાર, ટાટા મોટર્સ લિમિટેડ ફોર્ડ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનો સાણંદ પ્લાન્ટ બધી જ જમીન, બિલ્ડિંગ અને વ્હીકલ એસેમ્બલી, પ્લાન્ટની મશીનરી સાથે હસ્તગત કરશે એટલું જ નહીં, ફોર્ડ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના વ્હીકલ એસેમ્બલી પ્લાન્ટના તમામ કર્મચારીઓને ટાટા મોટર્સમાં સમાવી લેવાશે. ફોર્ડ ઈન્ડિયા પ્રા.લિ. સાણંદ ખાતેના પ્લાન્ટમાં એન્જિન ઉત્પાદન યથાવત ચાલુ રાખશે અને આ હેતુસર ટાટા મોટર્સ તેમને લીઝ પર જમીન ઉપલબ્ધ કરાવશે. ગુજરાત સરકાર નિયમાનુસારની જરૂરી પરવાનગીઓ માટે મદદરૂપ બનશે.

# મહુવાના સેન્દરડા ગામે ડેમમાં ડૂબી જતા એક જ પરિવારના ચારના મોત

(એ.આર.એલ)ભાવનગર,તા.૩૦



ભાવનગરના મહુવા તાલુકાના સેન્દરડા ગામે ડેમમાં ડૂબી જતાં ૪ લોકોના મોત થયા હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. રોજકી ડેમમાં કપડાં ધોવા ગયેલા પરિવારના ચાર પૈકી પુત્ર નિકુલનો પગ લપસી જતા તે ડેમમાં પડ્યો હતો. તેને બચાવવા ડેમમાં પડેલી ત્રણ મહિલાઓ પણ ડૂબી જતાં ચારેયના મોત નીપજ્યા હતા. મૃતકોમાં મંગુબેન આણંદભાઈ બારૈયા, તેમની દીકરી દક્ષા અને પુત્રવધુ કાજલ સહિત ચારના મૃતદેહને બહાર કાઢી પીએમ માટે મોટા ખૂંટવડા ખાતે ખસેડવામાં આવ્યા હતા.

# અમરેલીમાં ઐતિહાસિક ક્રાંતિકારી શોનું આયોજન

અમરેલી, તા. ૩૦



અમરેલીમાં આગામી ૪-જૂન ને શનિવારના રોજ રાત્રિના ૮:૦૦ કલાકે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત શહેરના કમાણી ફોરવર્ડના મેદાનમાં ઐતિહાસિક ક્રાંતિકારી શો 'વિરાંજલિ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરની જનતાને રાષ્ટ્રભક્તિમાં તરબોળ અને શહીદ વીર ભગતસિંહ સુખદેવ અને રાજગુરૂના જીવન દર્શન કરવાનો મોકો મળશે. આ વિરાંજલિ શોનું લેખન કાર્ય પ્રસિદ્ધ લોક સાહિત્યકાર સાંઈરામ દવે દ્વારા કરવામાં આવ્યું છે. જિલ્લા ભાજપ પ્રમુખ કૌશિક વેકરીયાએ જણાવ્યું કે, આ શોનું પ્રથમ આયોજન અમદાવાદ ખાતે થયું હતું ત્યારે ત્યાં હાજર રહેવાનું સદ્ભાગ્ય મને મળ્યું હતું. અમરેલીની રાષ્ટ્રપ્રેમી જનતા આ શો માણવા પધારે તેવું તેમણે આગ્રહભર્યું નિમંત્રણ પાઠવ્યું છે. આ શો બદલ તેમણે મુખ્યમંત્રી તથા મંત્રી હર્ષ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજકોટ ખાતે ખવાસ રજપૂત સમાજનું વેવિશાળ કેન્દ્ર ખુલશે

અમરેલી, તા.૩૦

દેશળદેવ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ખવાસ-રજપૂત સમાજ રાજકોટ દ્વારા અને આસ્થા એજ્યુકેશનવાળા નરેન્દ્રભાઈ ચૌહાણના સહયોગથી દિકરા-દિકરીઓ માટે આધુનિક સુવિધા સાથેનું રાજકોટ ખાતે રૈયારોડ, સિટી સેન્ટર પાસે વેવિશાળ કેન્દ્ર શરૂ થઈ રહ્યું છે. જેમાં શિક્ષિત-અશિક્ષિત, કુંવારા, વિધવા-વિધુર, ત્યક્તા, છુટાછેડા તેમજ શારીરિક ખોડખાપણવાળા ભાઈ-બહેનો ફોર્મ ભરી શકશે. તથા સમાજના અપરિણીત યુવક-યુવતીઓ માટે દર મહિનાના છેલ્લા રવિવારે પરિચય મેળાનું પ્રયોજન પણ કરાશે. બીજી તરફ લગ્ન બાદ દાંપત્ય જીવન સુખમય રીતિરીવાજ સાથે દિકરા-દિકરીઓ સંપૂર્ણ જવાબદારીથી નિભાવે તેની દેખરેખ સંસ્થા દ્વારા રાખવામાં આવશે. આ કેન્દ્ર સોમવારથી શનિવાર સવારે ૧૧થી ૧ અને સાંજે ૫ થી ૭ સુધી શરૂ રહેશે.

# ભાણવડ પાસે પેટ્રોલપંપના સંચાલકને છરી બતાવી ૧૦ લાખની લૂંટ ચલાવાઈ

જાફરાબાદ, તા.૩૦

દેવભૂમિ દ્વારકાના ભાણવડ તાલુકામાં દિનદહાડે પેટ્રોલપંપના સંચાલક પાસેથી ૧૦ લાખ રૂપિયાની લૂંટનો બનાવ બનતા ચકચાર મચી છે. પોલીસ દ્વારા લૂંટને અંજામ આપી ફરાર થયેલા ત્રણ લૂંટારુઓને ઝડપી પાડવા તપાસ હાથ ધરવામાં આવી છે. ભાણવડથી જામજોધપુર તરફ જતા રોડ પર ત્રણ પાટિયા પાસેથી પસાર થઈ રહેલા પેટ્રોલ પંપના સંચાલકને આંતરી છરીની અણીએ ૧૦ લાખ રૂપિયાની લૂંટ ચલાવવામાં આવી હતી. પેટ્રોલ પંપનો સંચાલક પીછો ન કરે તે માટે લૂંટારુઓ કારની ચાવી પણ સાથે લઈ ફરાર થઈ ગયા હતા. પોલીસે જિલ્લામાં નાકાબંધી કરી લૂંટારુઓની શોધખોળ હાથ ધરી છે.

## જાહેર નોટિસ

આથી હું અમીતભાઈ પી.ચોવટીયા(એડવોકેટ) તે અમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટિસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરીશીષ્ટમાં દર્શાવેલ મિલ્કત ખરીદ કરવા માંગે છે અને તેના માલીક **પડસાલા રમેશભાઈ મનજીભાઈ**, રહે.મું.શેડુભાર, તા.અમરેલી, જિ. અમરેલી.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યક્તિ, સંસ્થા કે, કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકક હિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે, સદરહું જમીન માટેના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોય કે, આ મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયે **દિન-૩ (ત્રણ)**માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા તો રજી. એડીથી જાણ કરવી. દિવસ-૩ નો સમય વિત્યાબાદ કોઈને આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ જેથી લાગતા વળગતાએ સર્વેએ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના મોજે શેડુભાર ગામના ખેડ ખાતા નં.૬૮૭ રે.સ.નં. ૨૬૦/૧ હે.આ.ચો.મી.૨-૫૬-૯૮ ખેતીની જમીન અમારા અસીલશ્રી ખરીદ કરવા માગે છે.**

તેમજ અમારા અસીલશ્રીની સુચના અનુસાર

તા.૩૧/૦૫/૨૦૨૨

**અમીતભાઈ પી. ચોવટીયા** (એડવોકેટ)
મો.૯૯૧૩૬ ૪૧૧૬૭.
સરનામું : ઓફિસ નં.૧૦૧, પહેલો માળ, ટ્રેડ સેન્ટર, મલય ઝેરોક્ષની સામે, સીવીલ હોસ્પીટલ રોડ, અમરેલી - ૩૬૫૬૦૧

## વડીયાના મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં, મુ. વડીયા

**ફો.પ.અ.નં :-૩૩/૨૦૨૨**

**અરજદાર :-** ભાયાણી જયસુખભાઈ દેવશીભાઈ,
ઉ.વ.આ.-૫૧, ધંધોઃ- નોકરી, ધર્મે :- હિન્દુ,
રહે.બ્લોક નં. ૧૧૦, કલ્યાણનગર કો.ઓપ. હાઉ. સોસાયટી લી.,
એસ.ટી. ડીવીઝન પાસે, લાઠી રોઠ, અમરેલી, જિ.અમરેલી.

**::-વિરૂધ્ધ-::**

**સામાવાળાઓ :-** (૧) શ્રી પ્રિન્સીપાલ સાહેબ,
શ્રીમતી સમજુબેન શામળજી અજમેરા કન્યા વિદ્યાલય-અમરેલી વિગેરે.....

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી જે.કે.સેંજલીયા**

**::- જાહેર નોટીસ -::**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર ભાયાણી જયસુખભાઈ દેવશીભાઈ, રહે. અમરેલીએ જન્મ નોંધ અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે (ગુજરાત માધ્યમીક રેગ્યુલેશન-૧૯૭૪ ના રેગ્યુલેશન ૧૨-ક) તેમની પુત્રી નામે **ભાયાણી જીજ્ઞાશાબેન જયસુખભાઈ** ના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની જન્મ તારીખ સુધારવા વિલ્કપે પ્રમાણીત કરાવવા સદરહું અરજી દાખલ કરેલ છે. અરજદારની પુત્રી નામે ભાયાણી જીજ્ઞાશાબેન જયસુખભાઈનો **જન્મ તારીખઃ૨૨/૦૪/૧૯૯૫** નાં રોજ નાની કુંકાવાવ મુકામે સામાન્ય અને કુદરતી નોર્મલ ડીલીવરી થી થયેલ હોય અને તેનો જન્મ થતા જે તે સમયે તેની જન્મી નોંધણી આ કામના સામાવાળા નંબરઃ૩ જન્મ નોંધણી અધિકારી વ તલાટી કમ મંત્રી-નાની કુંકાવાવ કચેરીમાં તા.૨૪/૦૪/૧૯૯૫ નાં રોજ કરાવેલ. પરંતુ આ જીજ્ઞાશાબેનને સ્કુલ અભ્યાસ માટે સ્કુલમાં બેસાડવામાં આવેલ ત્યારે શરતચુકની ભુલના કારણે તેની **જન્મ તારીખઃ૨૨/૦૪/૧૯૯૪** લખાયેલ છે. અને ત્યાર બાદ ઉતરો ઉતર સ્કુલ રેકર્ડમાં લખાયેલ છે. પરંતુ ખરેખર જીજ્ઞાશાબેનની જન્મ તારીખઃ૨૨/૦૪/૧૯૯૫ છે અને તે જ ખરી અને સાચી હોય, જેથી સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ રેકર્ડમાં તેની જન્મ તારીખનો સુધારો કરાવવા વિલ્કપે પ્રમાણીત કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ હોય જે અરજીની **મુદત તારીખઃ૩૦/૦૬/૨૦૨૨** રાખેલ હોય તો જે કોઈ ઈસમોને વાંધો તકરાર હોય તેમણે મુદત તારીખનાં રોજ સવારનાં ૧૦/૩૦ કલાકે અત્રેની વડીયા કોર્ટમાં જાતે યા માહિતગાર વકીલ મારફતે હાજર રહેવુ અન્યથા આગળની યોગ્ય ન્યાયીક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.
આજરોજ તારીખ ૨૩/૦૫/૨૦૨૨ નાં રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

| | | |
|---|---|---|
| **તૈયાર કરનાર**<br>**સહી,**<br>**(એ.બી.ગોંડલીયા)**<br>**આસીસ્ટન્ટ**<br>**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, વડીયા** | કોર્ટનો સિક્કો | **અમારા રૂબરૂ,**<br>**સહી,**<br>**(એમ.વી.ત્રિવેદી)**<br>**રજીસ્ટ્રાર,**<br>**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, વડીયા** |


અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ

**એકલવ્ય કોમર્સ**

100% કોમર્સ

**ધોરણ - ૧૧/૧૨ કોમર્સ (ગુજરાતી મીડીયમ)**

શું કામ SPECIAL COMMERCE? તો આ રહી અમારા વિશેષતાઓ...

- દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ.
- ધોરણ ૧૧-૧૨ માં દરેક વિષયનું ૯૦૦ માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ્સ
- વિદ્યાર્થીઓને વર્તમાન પ્રવાહોથી વાકેફ રાખવા માટે લાયબ્રેરીની સગવડતા
- છેલ્લા ૧૪ વર્ષના બોર્ડના પેપરોનું સોલ્યુશન
- વર્તમાન ટેકનોલોજીને અનુરૂપ LCD Projector દ્વારા જરૂરી શિક્ષણ.

ધો. ૧૧/૧૨ કોમર્સમાં પ્રવેશ પરિક્ષા આપી તમારૂ એડમીશન મેળવો

મર્યાદીત એડમીશન બાકી હોય વહેલા તે પહેલાના ધોરણે એડમીશન મળશે

- ગર્લ્સ અને બોયઝ બંને માટે અલગ અલગ હોસ્ટેલની વ્યવસ્થા
- બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ
- સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શન માટે વિકલી લેકચર
- કોમર્સના વિદ્યાર્થીઓ માટે એક નવા જ દ્રષ્ટિકોણ સાથેનું કોમર્સ એજયુકેશન

અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ ૧૧ કોમર્સથી CA FOUNDATION ની તૈયારી કરાવતી સંસ્થા

એડમીશન મેળવવા માટે તુરંત સંપર્ક કરો

નિકુંજ ગઢવાલા ▪ મો. ૯૧૦૬૬ ૩૪૪૨૬
ભરત સાવલીયા ▪ મો. ૯૯૭૯૪ ૪૯૬૪૯
લાઠી રોડ, અમરેલી.

# ૬ શખ્સોએ સિદ્ધુ મુસેવાલાને ઘેરી અન્ય એકે તેને વિંધી નાખ્યો હતો : ઘટનાનો સાક્ષી

(એ.આર.એલ),ચંડીગઢ,તા.૩૦

પંજાબી ગાયક સિદ્ધુ મુસેવાલાને ગોળી મારવામાં આવી ત્યાં પહોંચીને સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી. ઘટનાના સાક્ષી પ્રિન્સ સાથે પણ મુલાકાત કરી હતી. પ્રિન્સે જણાવ્યું કે, ઘટના સાંજે ૫ થી ૫.૩૦ દરમિયાન થઈ હતી. માત્ર ૨ મિનિટમાં જ મુસેવાલાને ૩૦ ગોળીઓ મારવામાં આવી હતી. આરોપીઓ માત્ર ૨ મિનિટ જ રોકાયા હતા.

પ્રિન્સે જણાવ્યું કે, એક યુવકે ચેક્સ શર્ટ પહેરેલો હતો. તેની પાસે AK ૪૭ હતી. તે જ યુવકે મુસેવાલા પર ગોળીઓ ચલાવી હતી. બાકી ૬ યુવકોએ તેની આજુબાજુ ગોળીઓ ચલાવીને



તે ગાડીની બહાર ના નીકળી શકે અને ડર ઉભો થાય તેવું કર્યું હતું. એક યુવકે ઘટના સ્થળ પર વીડિયો બનાવવાનો પ્રયત્ન કર્યો તો તેના ઉપર પણ ગોળી ચલાવવામાં આવી હતી. ડરીને તે યુવક ત્યાંથી ભાગી ગયો હતો. દરમિયાન હવે મુસેવાલાના પિતા બલકૌર સિંહે મુખ્યમંત્રી ભગવંત માનને હાઈકોર્ટના સીટીંગ જજ દ્વારા તપાસ કરાવવા વિનંતી કરી છે.

# ગુમ થયેલ નેપાળનું વિમાન ક્રેશ થયાનું ખુલ્યું, કાટમાળમાંથી ૧૪ના મૃતદેહ મળ્યા

કાઠમંડુ,તા.૩૦

નેપાળની તારા એરલાઈન્સનું વિમાન ક્રેશ થયું હોવાની વાતની સોમવારે સવારે પુષ્ટિ થઈ છે. ત્યાંની આર્મીની સર્ચ એન્ડ રેસ્ક્યૂ ટીમને મુસ્તાંગના સૌનોસેવેયર વિસ્તારના પહાડ પર એનો કાટમાળ મળ્યો છે. કાઠમંડુ પોસ્ટના જણાવ્યા મુજબ, રેસ્ક્યૂ ટીમને કાટમાળમાંથી ૧૪ લોકોના મૃતદેહ મળ્યા છે. વિમાનમાં ૪ ભારતીય અને ૩ ક્રૂ-મેમ્બર સહિત ૨૨ લોકો હતા. મીડિયા રિપોર્ટ્સના જણાવ્યા મુજબ, વિમાન ૪૩ વર્ષ જૂનું હતું. એરક્રાફટે રવિવારે સવારે ૯.૫૫ વાગ્યે પોખરાથી જોમસોમ માટે ઉડાન ભરી હતી. એ ૧૦.૨૦ વાગ્યે લેન્ડ થવાનું હતું. આ પહેલાં



એર ટ્રાફિક કન્ટ્રોલર સાથે તેનો સંપર્ક તૂટી ગયો હતો. નેપાળ આર્મીએ રવિવારે સાંજે કહ્યું- સ્થાનિક લોકોએ કહ્યું કે લામ્છી નદીના કિનારે પ્લેન ક્રેશ થયું હતું. એ મુસ્તાંગ જિલ્લાના માના પતી હિમાલ ક્ષેત્રની નદી છે. ગઈકાલે ખરાબ હવામાનને કારણે સર્ચ અને રેસ્ક્યૂ-ઓપરેશન બંધ કરવું પડ્યું હતું. આ કારણે સોમવારે શોધખોળ શરૂ કરવામાં આવી.

# જીએસટીની સિસ્ટમમાં છીંડા, એમપીમાં ૭૦૦ કરોડનું કૌભાંડ

(એ.આર.એલ),ભોપાલ, તા. ૩૦

દેશમાં જીએસટી લાગુ થયાના અંદાજીત પાંચ વર્ષ પછી પણ સિસ્ટમ હજુ ફુલપ્રુફ થઈ શકી ન હોય તેમ મધ્યપ્રદેશમાંથી ૭૦૦ કરોડના જીએસટી કૌભાંડનો પર્દાફાશ થયો છે અને તેમાં ગુજરાતના પાંચ વેપારીઓની ધરપકડ કરવામાં આવી છે.

જીએસટી વિભાગના સૂત્રોએ કહ્યું કે, બોગસ દસ્તાવેજો-સરનામા તથા બનાવટી ઓળખના આધારે ગુજરાતના કૌભાંડીયાઓએ ૫૦૦ જેટલી બોગસ પેઢીઓ ખોલી હતી અને તેના બોગસ બીલોના આધારે ઈનપુટ ટેકસ ક્રેડીટ ઓળવી જવાનું ૭૦૦ કરોડનું કૌભાંડ ખુલ્લુ પડયુ છે. ઈન્દોર સ્થિત સેન્ટ્રલ જીએસટી કમિશ્નરેટ તથા મધ્યપ્રદેશ પોલીસના સાયબર સેલ દ્વારા સંયુકત તપાસ હાથ ધરીને કૌભાંડ ખુલ્લુ પાડવામાં આવ્યું હતું.

# પુલવામાના ગુંડીપુરમાં આતંકી અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ થતા ૧ આતંકી ઠાર

(એ.આર.એલ),શ્રીનગર,તા.૩૦

જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં એક આતંકવાદી માર્યો ગયો. કાશ્મીર પોલીસે સોમવારે આ જાણકારી આપી. અધિકારીઓએ જણાવ્યું હતું કે પુલવામાના ગુંડીપુરમાં રવિવારે રાત્રે સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો હતો અને આતંકવાદીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું, ત્યારબાદ ત્યાં એન્કાઉન્ટર શરૂ થયું હતું. પોલીસના જણાવ્યા અનુસાર સોમવારે વહેલી સવારે એક આતંકવાદી માર્યો ગયો હતો. કાશ્મીર ઝોનના પોલીસ મહાનિરીક્ષક વિજય કુમારે



રવિવારે રાત્રે જણાવ્યું હતું કે જૈશ-એ-મોહમ્મદના બે આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ ચાલી રહી છે.

પોલીસ મહાનિરીક્ષકે જણાવ્યું હતું કે કોન્સ્ટેબલ રિયાઝ અહેમદનો હત્યારો પણ એન્કાઉન્ટરમાં સામેલ છે. રિયાઝ અહેમદની ૧૩ મેના રોજ પુલવામામાં હત્યા કરવામાં આવી હતી.

# કર્ણાટકના પ્રવાસ દરમિયાન કિસાન નેતા રાકેશ ટિકૈત પર શાહી ફેંકાઈ

(એ.આર.એલ),બેંગ્લુરૂ,તા.૩૦

ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈત હાલ કર્ણાટક પ્રવાસે છે. આ દરમિયાન રાજ્યના પાટનગર બેંગલુરુમાં તેમના પર કાળી શાહી ફેંકાઈ. વીડિયોમાં તેમના મોઢા પર શાહી સ્પષ્ટપણે જોવા મળી શકે છે.

રાકેશ ટિકૈત પર બેંગલુરુ પ્રેસ ક્લબના ગાંધી ભવનમાં કાળી શાહી ફેંકવામાં આવી. એવું કહેવાય છે કે શાહી ફેંકવામાં



સ્થાનિક કિસાન નેતા કોડિહલ્લીનો હાથ છે. ચંદ્રશેખરના સમર્થકોએ જ રાકેશ ટિકૈત પર કાળી શાહી ફેંકી. બીજી બાજુ રાકેશ ટિકૈતે આ ઘટના અંગે કર્ણાટકની ભાજપ સરકારને જવાબદાર ઠેરવી છે.

# જળ વિવાદ પર ચર્ચા માટે પાકિસ્તાની પ્રતિનિધિ મંડળ ભારતની મુલાકાત લેશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩૦

ભારત અને પાકિસ્તાને સિંધુ જળ સંધિને તેની સાચી ભાવનામાં લાગુ કરવાની તેમની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. બંને દેશોએ આશા વ્યકત કરી હતી કે કાયમી સિંધુ કમિશનની આગામી બેઠક ભારતમાં વહેલી તકે યોજાશે અને પાકિસ્તાનનું પાંચ સભ્યોનું પ્રતિનિધિમંડળ જળ વિવાદ પર વાતચીત માટે ભારતની મુલાકાત લેશે.

પાકિસ્તાનના ડોન અખબારે



પાકિસ્તાનના સિંધુ જળ કમિશનર સૈયદ મોહમ્મદ મેહર અવી શાહને ટાંકીને કહ્યું છે કે મંત્રણા નવી દિલ્હીમાં યોજાશે. આ પ્રતિનિધિમંડળ વાધા બોર્ડર પરથી જશે. શાહે કહ્યું હતું કે પુર આગાહીના ડેટાને શેર કરવા પર વાતચીત થશે અને પાકિસ્તાનના સિંધુ નદી માટેના કમિશનરના વાર્ષિક અહેવાલ પર પણ ચર્ચા કરવામાં આવશે. તેમણે કહ્યું કે પાકિસ્તાની પ્રતિનિધિમંડળ નિર્માણાધીન પાકલ દળ અને લોઅર કાલનાઈ ડેમની મુલાકાત લેશે નહીં પરંતુ આ અને અન્ય પ્રોજેકટ પર ચર્ચા કરવામાં આવશે. પાકિસ્તાન અને ભારતમાં વાર્ષિક બેઠક યોજાય છે.

# બજારમાં ફરતી બનાવટી નોટોના કારણે અર્થતંત્રને રૂ. ૮.૨૫ કરોડનું નુકસાન

મુંબઈ,તા.૩૦

ભારતીય રિઝર્વ બેન્ક (આરબીઆઈ)એ તાજેતરમાં જ તેના વાર્ષિક અહેવાલમાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે બેન્કિંગ સેક્ટરમાંથી પકડાયેલી નકલી નોટોની વિગતો જાહેર કરી હતી. આરબીઆઈએ જણાવ્યું હતું કે, દેશમાં નવી ડિઝાઈનની રૂ. ૫૦૦ની નકલી નોટોની સંખ્યામાં ૧૦૨ ટકા જ્યારે રૂ. ૨,૦૦૦ની નકલી નોટોની સંખ્યામાં ૫૫ ટકાનો વધારો થયો છે જ્યારે અન્ય મૂલ્યની નકલી નોટો સાથે અર્થતંત્રને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.

આરબીઆઈના રિપોર્ટ મુજબ બેન્કિંગ સેક્ટરે ૨૦૨૧-૨૨ દરમિયાન નવી ડિઝાઈનની કુલ ૭૯,૬૬૯ નકલી નોટ પકડી છે જ્યારે ગયા નાણાકીય વર્ષમાં તેની સંખ્યા માત્ર ૩૯,૪૫૩ હતી. ૨૦૦૮માં નોટબંધી દરમિયાન બંધ કરાયેલી રૂ. ૫૦૦ની જૂની ડિઝાઈનવાળી પણ ૧૪ નકલી નોટો બેન્કિંગ સેક્ટરમાં પકડાઈ છે.

# લોકસભા ચૂંટણીમાં ભાજપ યુપીમાંથી ૭૫ બેઠકો કબજે કરશે : યોગી આદિત્યનાથ

(એ.આર.એલ),લખનૌ,તા.૩૦

ગુજરાતની માફક હવે ઉત્તરપ્રદેશ પણ ભાજપ માટે પોતાનો ગઢ બની ગયું છે. કહેવાય છે કે, દેશના વડાપ્રધાન બનવાનો રસ્તો યુપીમાંથી પસાર થાય છે. જે પક્ષ કે મોરચો યુપીમાં બહુમત બેઠકો જીતે છે તેના કેન્દ્રમાં સરકાર બનાવવાના ચાન્સ વધી જાય છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણી વખતે ભાજપે યુપીમાં ૭૨ બેઠકો મેળવી હતી, તો



૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં પણ ભાજપને ૬૨ બેઠક મળી હતી. ત્યારે, જો ૨૦૨૪ની ચૂંટણીમાં પણ ભાજપ યુપીમાં દબદબો જાળવી રાખે તો કેન્દ્રમાં ભાજપની સરકાર પુનઃ રચાઈ શકે છે. ઉત્તર પ્રદેશમાં સતત બીજીવાર સરકાર બનાવી ઈતિહાસ રચનારા યોગી આદિત્યનાથે દાવો કર્યો છે કે આવનારી ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ભાજપ યુપીમાં ૭૫ બેઠકો મેળવશે. ભાજપની વર્કિંગ કમિટીની બેઠકમાં હાજર રહેલા યોગીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આઠ વર્ષ પૂરા કરવા પર અભિનંદન પાઠવ્યા હતા.

# રાજ્યસભા માટે ભાજપના ઉમેદવારોની યાદી જાહેર

(જી.એન.એસ)નવીદિલ્હી,તા.૩૦

ભારતીય જનતા પાર્ટીએ રાજ્યસભા માટે પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે. ભાજપે ઉત્તર પ્રદેશથી ડો. લક્ષ્મીકાંત વાજયેપી અને ડો. રાધામોહન અગ્રવાલને ઉમેદવાર બનાવ્યા છે. તો મધ્ય પ્રદેશથી કવિતા પાટીદાર, કર્ણાટકથી નાણામંત્રી નિર્મલા સીતારમણ અને જિગ્નેશને ઉમેદવાર બનાવ્યા છે. મહારાષ્ટ્રથી વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અને ડો. અનિલ સુખદેવરાજ બોંડેને ઉમેદવાર તરીકે પસંદ કર્યા છે. ભાજપના રાજ્યસભા ઉમેદવાર : મધ્યપ્રદેશ- કવિતા પાટીદાર, કર્ણાટક- નાણામંત્રી નિર્મલા સીતારમણ, જગ્ગેશ, મહારાષ્ટ્ર- પીયૂષ ગોયલ, ડો. અનિલ કુખદેવરાજ બોંડે, રાજસ્થાન- ઘનશ્યામ તિવારી, ઉત્તર પ્રદેશ- લક્ષ્મીકાંત વાજયેપી, ડો. રાધામોહન અગ્રવાલ, સુરેન્દ્ર સિંહ નાગર, બાબુરામ નિષાદ, દર્શના સિંહ, સંગીતા યાદવ, ઉત્તરાખંડ- ડો. કલ્પના સૈની, બિહાર- સતીષ ચંદ્ર દુબે, શંભૂ શરણ પટેલ, હરિયાણા- કૃષ્ણ લાલ પંવાર.

# બરેલીમાં મકાનની લાલચમાં આવી ૪૦ લોકોએ ધર્મ પરિવર્તન કર્યું, ૧ આરોપીની અટકાયત કરાઈ

(એ.આર.એલ),લખનૌ,તા.૩૦

બરેલીના બિથરી વિસ્તારમાં મકાન આપવાની લાલચ આપીને ૪૦ લોકોનું ધર્મ પરિવર્તન કરાવવાની વાત સામે આવી છે. એક ગેંગના ચક્કરમાં ફસાઈને લોકોએ પોતાના ઘરની આગળ ક્રોસના નિશાન લટકાવી દીધા છે. માહિતી મળતા બિથરી પોલીસ જ્યારે ઘટના સ્થળે પહોંચી તો એક ઘરમાં ૪૦ લોકો પ્રાર્થના સભા કરી રહ્યા હતા. પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે.

પોલીસનું કહેવુ છે કે બિચપુરી ગામમાં ધર્મ પરિવર્તનની માહિતી સામે આવી રહી હતી. છેલ્લા કેટલાક દિવસથી સક્રિય લોકો જઈને લોકોના ઘરમાં પ્રાર્થના સભાઓ કરાવી રહ્યા હતા. આને લઈને હિંદુ સંગઠનના કેસરપુરના રહેવાસીએ પોલીસને માહિતી આપી. પોલીસ ઘટના સ્થળે પહોંચી તો એક ઘરની અંદર લગભગ ૪૦ લોકો પ્રાર્થના કરી રહ્યા હતા. તેમણે બહારથી દરવાજો બંધ કરી લીધો હતો. પોલીસ દરવાજો ખોલાવીને ઘરની અંદર દાખલ થઈ. પૂછપરછ બાદ પોલીસે ગોરખપુરના રહેવાસી અભિષેક ગુપ્તાની ધરપકડ કરી છે. અભિષેક પર આરોપ છે કે મકાનની લાલચ આપીને તે લોકોનું ધર્મ પરિવર્તન કરાવી રહ્યો હતો. પોલીસનું કહેવુ છે કે તપાસ બાદ કેસ નોંધવામાં આવશે. બિથરીના ઈન્સ્પેક્ટરે જણાવ્યુ કે બિચપુરી ગામમાં ધર્મ પરિવર્તનની માહિતી મળી હતી. ઘટના સ્થળે પોલીસની ટીમ મોકલવામાં આવી. એક આરોપીની ધરપકડ કરાઈ છે. તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. ધર્મ પરિવર્તનની પુષ્ટિ થઈ નથી. આરોપી અભિષેક ગુપ્તા મેડિકલ કોલેજમાં કામ કરે છે.

# UPSC પરીક્ષાના ફાઈનલ પરિણામ જાહેર : ટોપ-૩માં ત્રણ મહિલાઓ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩૦

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) દ્વારા આજે સિવિલ સેવા પરીક્ષાના ફાઈનલના પરિણામ જાહેર કરી દેવાયા છે. જેમણે પરીક્ષા આપી હોય તેઓ પોતાના પરિણામ યુપીએસસીની અધિકૃત વેબસાઈટ પર જઈને ચેક કરી શકે છે. આ વખતે ટોપ ૩માં ત્રણે ત્રણ છોકરીઓ છે. શ્રુતિ શર્માએ ફાઈનલ પરિણામમાં ઓલ ઈન્ડિયા પ્રથમ ક્રમ મેળવ્યો છે. આ વખતે યુપીએસસીના જાહેર થયેલા પરિણામમાં મહિલાઓનો દબદબો જોવા મળી રહ્યો છે.

શ્રુતિ શર્માએ આ પરીક્ષામાં ટોપ કર્યું છે જ્યારે ટોપ ૩માં અન્ય બે યુવતીઓમાં અંકિતા અગ્રવાલ અને ગામિની સિંગલાનો સમાવેશ થાય છે. ચોથા નંબરે પણ મહિલા જ છે જેનું નામ એશ્વર્યા વર્મા છે. પાંચમા નંબરે ઉત્કર્ષ દ્વિવેદી છે. યક્ષ ચૌધરી છઠ્ઠા નંબરે, આઠમા નંબરે ઈશિતા રાઠી, નવમા નંબરે પ્રીતમ કુમાર અને દસમા નંબરે હરકીરત સિંહ રંધાવા છે.

# પંજાબી સિંગર સિદ્ધુ મુસેવાલાની હત્યા : બોલિવૂડે શોક વ્યક્ત કર્યો

મુંબઈ તા.૩૦

પંજાબના સિંગર સિદ્ધુ મુસેવાલાની રવિવાર, ૨૯ મેના રોજ દિવસે ગોળી મારીને હત્યા કરાતાં બોલિવૂડ સ્તબ્ધ થઈ ગયું છે. બોલિવૂડ સ્ટાર અજય દેવગન, કંગના રનૌત, ઝરીન ખાન, શરદ કેલકર, કોમેડિયન કપિલ શર્મા, ગાયિકા હર્ષદીપ કૌર, રણવીર સિંહ, શહનાઝ ગિલ સહિતના સેલેબ્સે શોક વ્યક્ત કર્યો હતો. પંજાબી ઈન્ડસ્ટ્રીના સેલેબ્સ પણ



આઘાતમાં છે. પંજાબના માનસાના જવાહર ગામમાં AK ૪૭થી ફાયરિંગ કરીને સિદ્ધુ મુસેવાલાની હત્યા કરવામાં આવી હતી. અનેક કલાકારોએ પંજાબમાં કાનૂન-વ્યવસ્થા અંગે સવાલ કર્યો છે. ઉલ્લેખનીય છે કે સિદ્ધુ માત્ર ૨૮ વર્ષની ઉંમરમાં પંજાબી મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં ટોચ પર પહોંચી ગયા હતા. દેશમાં જ નહીં, પરંતુ વિદેશમાં પણ તેમના ચાહકો હતા. તેમની હત્યાથી ફિલ્મ ઈન્ડસ્ટ્રી હચમચી ગઈ છે. તમામ કલાકારોએ સિદ્ધુ મુસેવાલાની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી છે. સંગીતકાર સલીમ મર્ચન્ટ, વિશાલ દદલાણી, કમાલ આર ખાન સહિતના સેલેબ્સે અફસોસ વ્યક્ત કર્યો હતો.

# આઈપીએલની વિજેતા ગુજરાત ટાઈટન્સ માટે પાંચ ખેલાડીઓનું યોગદાન મહત્વનું

(એ.આર.એલ),અમદાવાદ,તા.૩૦

આઈપીએલ-૨૦૨૨ની ૧૫મી સિઝનમાં પ્રથમ વખત ઉતરેલી ગુજરાત ટાઈટન્સની ટીમે તેમની પ્રથમ સિઝનમાં શાનદાર પ્રદર્શન કર્યું અને આઈપીએલ ૨૦૨૨ ટ્રોફી જીતી. રવિવારે રમાયેલી ફાઈનલ મેચમાં ગુજરાત ટાઈટન્સે રાજસ્થાન રોયલ્સને ૭ વિકેટે હરાવી જીતનો ડંકો વગાડ્યો હતો. જેમાં પાંચ ખેલાડીઓનું મહત્વપૂર્ણ યોગદાન હતું. આ મેચમાં જો કોઈ ખેલાડીનું પ્રદર્શન સર્વશ્રેષ્ઠ હતું, તો તે છે ગુજરાત ટાઈટન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા, જેણે માત્ર બેટથી જ નહીં પરંતુ બોલથી પણ અજાયબીઓ કરી હતી. તેણે પ્રથમ ૪ ઓવરમાં ૧૭ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. આ સાથે જ બીજા દાવમાં બેટિંગ કરતા ૩૦ બોલમાં ૩ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૩૪ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી. આ મેચમાં ગુજરાત ટાઈટન્સના ઓપનર શુભમન ગીલે શાનદાર ઈનિંગ રમી હતી અને અણનમ ૪૫ રન બનાવ્યા હતા. તેણે પોતાની ઈનિંગમાં ત્રણ ચોગ્ગા અને એક છગ્ગા ફટકાર્યા હતા. ડેવિડ મિલર આઈપીએલમાં કિલર મિલર તરીકે જાણીતા ડેવિડ મિલરે પણ ગુજરાત ટાઈટન્સ માટે શાનદાર ઈનિંગ રમી હતી અને ૧૯ બોલમાં અણનમ ૩૨ રન બનાવ્યા હતા. આ ઈનિંગમાં તેણે ૩ ફોર અને ૧ સિક્સર ફટકારી હતી. ગુજરાત ટાઈટન્સના યુવા બોલર સાંઈ કિશોરે ટીમ માટે શાનદાર બોલિંગ કરી હતી. તેણે ૨ ઓવરમાં ૨૦ રન આપીને બે વિકેટ લીધી હતી. આ દરમિયાન તેણે યશસ્વી જયસ્વાલનો કેચ પણ પકડ્યો હતો. યુવા બોલર યશ દયાલે પણ પોતાની બોલિંગથી પ્રભાવિત કર્યા હતા. તેણે ૬ની ઈકોનોમીમાં ૩ ઓવરમાં ૧૮ રન આપ્યા અને આર.આર.ના યશસ્વી જયસ્વાલને ૨૨ રનમાં આઉટ કર્યો.

# જીતનો જશ્ન : GTનો અમદાવાદમાં ભવ્ય રોડ શો



ગાંધીનગર,તા.૩૦

IPL ૨૦૨૨ની ફાઈનલ મેચમાં ગુજરાત ટાઈટન્સની ટીમે ભવ્ય વિજય મેળવ્યો છે. ગુજરાત ટાઈટન્સની ટીમની જીતની ઉજવણી આજે અમદાવાદમાં થઈ હતી. શહેરમાં સમગ્ર ટીમનો ભવ્ય રોડ શો યોજાયો હતો. આ કાર્યક્રમ બાદ ગુજરાત ટાઈટન્સના તમામ ખેલાડીઓએ ભવ્ય રોડ શો યોજયો હતો. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રોડ શોને ફ્લેગ ઓફ કરાવી શરૂઆત કરાવી હતી. આ રોડ શો ઉસ્માનપુરા રિવરફ્રન્ટથી વિશ્વકુંજ રિવરફ્રન્ટ સુધી યોજાયો હતો. રોડ શોને પગલે ચુસ્ત પોલીસ-બંદોબસ્ત ગોઠવવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી.

આ રોડ શોમાં ખુલ્લી બસમાં આખી ટીમના સભ્યો જોડાયા હતાં. ગુજરાત ટાઈટન્સનો રોડ શો હયાત હોટેલથી ઈન્કમ ટેક્સ તરફ યુટર્ન લઈ ઉસ્માનપુરાથી જમણી દર્પણ એકેડમી થઈ રિવરફ્રન્ટ તરફ ગયો હતો. ગાંધીબ્રિજ રિવરફ્રન્ટથી યુ-ટર્ન લઈ ઉસ્માનપુરા તરફ થઈ હયાત હોટેલ પરત ફર્યો હતો. ગુજરાત ટાઈટન્સનો રોડ શો ૬ કિલોમીટરનો હતો. રોડ શોમાં રમતવીરો, ખેલાડીઓ અને ટીમ મેનેજમેન્ટ જોડાયા હતાં. રોડ શો દરમિયાન શહેરમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. રોડ શો જ્યાંથી નીકળવાનો હતો, ત્યાં ૨ ડીસીપી, ૨ એસીપી ૪ પીઆઈ અને ૨૦૦ પોલીસ કર્મી બંદોબસ્તમાં ગોઠવવામાં આવ્યા હતાં. ઉસ્માનપુરા રિવરફ્રન્ટથી વિશ્વકુંજ રિવરફ્રન્ટ સુધી રોડ પર ક્રિકેટપ્રેમી ઉમટી પડયા હતાં.ખેલાડીઓને જોવા માટે લોકોએ પડાપડી કરી હતી



ખેલાડીઓએ પણ હાથ ઉંચા કરી દર્શકોનું અભિવાદન કર્યું હતું. હયાત હોટલ પાસે પણ દર્શકોની ભારે ભીડ જોવા મળી હતી. ટીમની બસ ડબલ ડેકર હતી જેમાં ખેલાડીઓ ઉભા રહીને લોકોનું અભિવાદન કરતા જોવા મળ્યા હતાં.

ટીમના ખેલાડીઓના હાથમાં આઈપીએલની ટ્રોફી પણ હતી અને ખેલાડીઓ આ ટ્રોફી દર્શકોને બતાવી રહ્યાં હતાં. અમદાવાદ ઉપરાંત ડીસા પાલનપુર વગેરેથી કેટલાક લોકો આવ્યા હતાં મહિલાઓ પણ રોડ શો જોવા માટે ઉમટી પડી હતી.

## ગુજરાત ટાઈટન્સના બેટની થશે હરરાજી, તમામ રકમ કન્યા કેળવણીમાં અપાશે

ગાંધીનગર,તા.૩૦



આઈપીએલ ૨૦૨૨ની ૧૫ મી સીઝનમાં ગુજરાત ટાઈટન્સે બાજી મારી લીધી છે. ત્યારે ગુજરાત ટાઈટન્સના ખેલાડીઓએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ટાઈટન્સના તમામ ખેલાડીઓનું શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. તમામ ખેલાડી અને સ્ટાફ સાથે ગુજરાતના મુખ્યમંત્રી પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સાથે જીતને લઈ ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત ટાઈટન્સ ટીમના ઓનર દ્વારા ટીમના તમામ ખેલાડીઓની સાઈનવાળું બેટ રાજ્ય સરકારને આપવામાં આવ્યું હતું. આ બેટની હરાજી કરવામાં આવશે અને તેના દ્વારા થનાર આવકનો કન્યા કેળવણી માટે ઉપયોગ કરવામાં આવશે.











